વર્ષ ૧૧ અંક ૨ એપ્રિલ – જુન, ૨૦૦૬

# ઉન્નતિ વિચાર

## અનુક્રમ


સંપાદકીય 1

વિકાસલક્ષી મુદ્દાઓ 2

- સમતા થકી સમાનતા અને ગરીબી નિવારણ

મંતવ્ય

- 'વિશ્વ સામાજિક મંચ'ની પેલે પાર 8
- લઘુ ધિરાણથી આજીવિકા ધિરાણ 11

આપણી વાત

- નગર આયોજનમાં લોકભાગીદારી - ભચાઉનો અનુભવ 16
- માહિતીનો અધિકાર: વ્યવહાર અને વિકાસ 19

સાંપ્રત પ્રવાહ 23

અમારા વિશે 27



**સંપાદક ટીમ**

દીપા સોનપાલ

હેમન્તકુમાર શાહ

બિનોય આચાર્ય



વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**


## સંપાદકીય

### માહિતીનો અધિકાર અને સમાનતા થકી વિકાસ

ભારતમાં માહિતીના અધિકાર અંગેનો કાયદો થવાથી ભારતની લોકશાહીને મજબૂત બનાવવાનું કામ તેણે કર્યું છે. માહિતીનો અધિકાર શાસન વ્યવસ્થા વિશેની તમામ માહિતી મેળવવાનો અધિકાર નાગરિકોને આપે છે. આ અધિકાર થકી નાગરિકોને શાસન કેવી રીતે ચાલે છે તેને વિશે માહિતી પ્રાપ્ત થાય છે. લોકશાહી આખરે તો શાસકોની પસંદગી કરવાનો નાગરિકોનો અધિકાર છે. આ પસંદગી વધારે માહિતીપ્રદ બને તે અનિવાર્ય છે. તો જ શાસન વધારે લોકતાંત્રિક બન્યું કહેવાય. ભારતમાં આ અધિકારે નાગરિકોને શાસનને પોતાના પ્રત્યે ઉત્તરદાયી બનાવવા માટે મજબૂત હથિયાર પૂરું પાડ્યું છે. આ હથિયાર વડે તેમણે શાસકોને એટલે કે રાજકીય નેતાઓ અને સરકારી કર્મચારીઓને શાસનને વધારે પારદર્શી બનવાની ફરજ પાડી છે. દેશભરમાં માહિતીના અધિકારના કાનૂનનો ઉપયોગ કરીને અનેક નાગરિકોએ શાસન વિશેની સમજ કેળવી છે. એટલું જ નહિ, શાસન જે કામ ન કરતું હોય તે કરવાની પણ ફરજ પાડી છે. તે એમ દર્શાવે છે કે નાગરિકોએ પોતાના આ અધિકારનો ઉપયોગ ખૂબ જ વિવેકપૂર્વક અને વધારે સાવધાનીપૂર્વક તથા લાભદાયી રીતે કર્યો છે. આ કાનૂનનું આ એક નોંધપાત્ર જમા પાસું છે. શાસનતંત્રને વિકાસ માટેનાં અનેક કામો કરવા માટેની પહેલ કરવા માટે પણ આ અધિકારના નાગરિકો દ્વારા થયેલા ઉપયોગને પરિણામે ફરજ પડી છે. ભારતની લોકશાહીનું તાજેતરના ઈતિહાસનું આ એક ઊજળું પ્રકરણ છે. માહિતીના અધિકારના કાનૂનના અમલમાં હજુ પણ સ્થાનિક સ્તરે ઘણી ખામીઓ છે. કાનૂનના અમલ માટેની વ્યવસ્થાઓ અને સરકારી અધિકારીઓનાં વલણો પૂરતી માત્રામાં વિકસ્યાં નથી તેમ છતાં વ્યક્તિગત રીતે લોકોએ અને બિન-સરકારી સંગઠનોએ કાનૂનના અમલ માટે કરેલા પ્રયાસોને લીધે આ અધિકારના ઉપયોગથી લોકોને ખાસ્સી રાહત ઊભી થઈ હોવાના દાખલા સમગ્ર દેશમાં જોવા મળ્યા છે. આ વિધાયક પાસાને જો આપણે ધ્યાનમાં લઈએ તો એમ જણાય છે કે આ કાનૂન થકી ભારતની લોકશાહી વધારે સુદૃઢ અને પારદર્શી બનશે.

વાસ્તવમાં, માહિતીનો અધિકાર તમામ નાગરિકોને માટે સમતાનું વાતાવરણ સર્જે છે. માહિતીના અધિકારથી નાગરિકોને માટે એક એવી તકનું સર્જન થાય છે કે જેને પરિણામે તે શાસનતંત્રને પોતાના હિત માટે કાર્ય કરતું કરી શકે છે. આમ, તકોની સમાનતા સૌને માટે ઊભી થવાની તક માહિતીના અધિકારથી વધે છે. એ વાત સાચી છે કે શાસનતંત્ર લોકો પ્રત્યે જેટલું ઉત્તરદાયી બનવું જોઈએ તેટલું આપોઆપ જ થવું જોઈએ. પરંતુ માહિતીના અધિકારને પરિણામે શાસનતંત્રને ઉત્તરદાયી બનવાની ફરજ પડતી હોવાથી તમામ નાગરિકો માટે સમાનતા પ્રસ્થાપિત કરવાનું શક્ય બને છે. અત્યાર સુધી નાગરિકો મોટે ભાગે માત્ર મત આપવાની બાબતમાં સમાનતા ધરાવતા હતા. હવે નાગરિકો શાસનને ઉત્તરદાયી બનાવવાની બાબતમાં સમાનતા ધરાવતા થયા છે એ આ કાનૂનની સૌથી મોટી સિદ્ધિ છે. અમલની બાબતમાં રહેલી ઊણપોને દૂર કરવાથી માત્ર માહિતીનો અધિકાર ભોગવી શકાય છે એવું નથી પરંતુ સમતા ઊભી થવાને પરિણામે સમાનતાપૂર્ણ વિકાસ કરવા માટેની તક નાગરિકો પ્રાપ્ત કરે છે એ આ અધિકારની એક વધારાની નોંધનીય સિદ્ધિ છે. આપણે આ સિદ્ધિને વધારે દૃઢ કરવાની આવશ્યકતા છે. લોકશાહી અને સમતાપૂર્ણ વિકાસ બંને તેથી ઈચ્છનીય દિશામાં આગળ વધશે.

# સમતા થકી સમાનતા અને ગરીબી નિવારણ

સમાનતા એક આદર્શ છે પણ એને સિદ્ધ કરવા માટેના પ્રયાસો ઘણી વાર અસમાન તકોને લીધે સફળ થતા નથી. **શ્રી બિનોય આચાર્ય** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા લખાયેલા આ લેખમાં સમાનતા અને સમતા વિશેની તાત્ત્વિક ચર્ચા અને ગરીબીમાં ઘટાડો કરવામાં તેમની ભૂમિકાનું વિશ્લેષણ ભારતના બંધારણની જોગવાઈઓના સંદર્ભ સાથે કરવામાં આવ્યાં છે.

## પ્રસ્તાવના

સમાનતાની સ્થાપના માનવજાતિનો એક યુગો જૂનો આદર્શ રહ્યો છે. આ આદર્શની સ્થાપના માટેના પ્રયાસો પણ મનુષ્યે સમાજની રચના કરી ત્યારથી કર્યા છે અને જગતના વિવિધ ધર્મોએ સમાનતાની સ્થાપના માટેના સિદ્ધાંતો અને માર્ગો પણ આપ્યા છે. મનુષ્યોમાં મૂળભૂત રીતે કેટલીક અસમાનતાઓ પ્રવર્તે છે અને તેથી તેને આધારે રાજકીય, આર્થિક અને સામાજિક અસમાનતા ઊભી થાય છે. અસમાનતા સ્વયં કદાચ ખરાબ બાબત નથી પણ મૂળ સમસ્યા ભેદભાવને લીધે જે અસમાનતા ઊભી થાય છે તેની છે.

માનવ સમાજોમાં જુદી જુદી વ્યક્તિઓ અને જૂથો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે ત્યારે એને પરિણામે ઊભી થતી અસમાનતા (ઈનઈક્વોલિટી) સમતા (ઈક્વીટી)ના અભાવને લીધે ઊભી થઈ હોય છે. જ્યારે આવી અસમાનતાનો ભોગ બનનારી વ્યક્તિઓ કે જૂથો તેમના પ્રત્યે દાખવવામાં આવતા ભેદભાવનો પ્રતિકાર કરે છે ત્યારે તેઓ હિંસાનો ભોગ પણ બને છે અને તેથી તેમની અસલામતીમાં વધારો થાય છે. તેમના માનવ અધિકારોનો ભંગ આથી વ્યાપક બને છે.

આવી અસમાનતાને દૂર કરવા માટે એટલે કે ભેદભાવ દૂર કરવા માટે રાજ્યની દરમ્યાનગીરીની જરૂર પડે છે. સમતા (ઈક્વીટી)ની આવશ્યકતા એટલા માટે છે કે અસમાનતાનું અસ્તિત્વ છે. સમતા વિધાયક ભેદભાવ તરફ દોરી જાય છે. જો કે, સમતા આવી જાય તેથી સમાનતા આવી જ જાય એવું નથી પણ તેનાથી સક્ષમતા (એમ્પાવરમેન્ટ) આવે છે.

## સમતાનો અર્થ

સમતા (ઈક્વીટી)નો અર્થ એ છે કે વ્યક્તિઓને તેમની પસંદગીનું જીવન જીવવા માટેની સમાન તકો મળવી જોઈએ અને તેમાંથી ઉદ્‌ભવતાં પરિણામોની ઘેરી વંચિતતાથી તેઓ મુક્ત થવા જોઈએ. અહીં મુખ્ય બાબત એ છે કે સમતા એ લાંબા ગાળાની સમૃદ્ધિ માટેના પંથમાં પૂરક બને છે.

જ્યાં સંસ્થાઓ અને નીતિઓ સમાન તકોને પ્રોત્સાહન આપે છે એટલે કે જ્યાં સમાજના તમામ લોકોને સામાજિક રીતે સક્રિય, રાજકીય રીતે પ્રભાવક અને આર્થિક રીતે ઉત્પાદક બનવાની એકસમાન તકો મળે છે ત્યાં ચિરંતન વિકાસ અને વૃદ્ધિ શક્ય બને છે. ગરીબીમાં ઘટાડો કરવા માટે સમતા તેથી બમણી રીતે ઉપયોગી થાય છેઃ તે લાંબા ગાળાના એકંદર વિકાસ ઉપર લાભદાયી અસરો ઊભી કરે છે અને કોઈ પણ સમાજમાં ગરીબ જૂથો માટે વધુ તકો ઊભી કરે છે.

દુનિયાની લગભગ તમામ સંસ્કૃતિઓમાં સમતા વિશે ચિંતા કરવામાં આવી છે. ધાર્મિક અને દાર્શનિક ચિંતનોમાં તથા કાનૂની સંસ્થાઓમાં સમતાને એક મૂલ્ય ગણવામાં આવે છે. મોટા ભાગની આધુનિક કાનૂની સંસ્થાઓમાં સમતા એક મૂળભૂત સિદ્ધાંત તરીકે કામ કરે છે. એનો અર્થ જ એ છે કે વાજબીપણા(ફેરનેસ) માટેની મૂળભૂત પ્રાથમિકતા મનુષ્યોમાં ખૂબ ઊંડે પડેલી છે. તેથી આવકની ખૂબ વધારે અસમાનતા વ્યક્તિગત સુખાકારીથી વિરુદ્ધની બાબત છે એમ ઘણા લોકોને સમજાય છે અને તેથી તેઓ પોતે જ પોતાની સંપત્તિનો ત્યાગ કરે છે.

આવકની અસમાનતા અને ગરીબીના ઘટાડા વચ્ચે સંબંધ છે તેથી જ અસમાનતા માટેની ચીડ અને ગરીબી દૂર કરવા માટેના ઉત્સાહ વચ્ચે વિધાયક સંબંધ ઊભો થાય છે. એટલે એક સ્પષ્ટ હકીકત એ છે કે જો વૃદ્ધિના ગાળા દરમ્યાન અસમાનતા ઘટે તો ગરીબીમાં સામાન્યતયા ઘટાડો થાય છે. વળી, એક હકીકત એ પણ છે કે આવકની અસમાનતા વધારે હોય તો ગરીબી ઘટાડવામાં આર્થિક વૃદ્ધિની અસરકારકતા ઘટે છે.

## ભારતના બંધારણમાં સમતા અને સમાનતા માટેની જોગવાઈઓ

ભારતમાં સમતા થકી સમાનતાની સ્થાપના કરવી એ એક બંધારણીય આદર્શ રહ્યો છે. તેથી ભારતના બંધારણમાં આ અંગેની વિશિષ્ટ જોગવાઈઓ પહેલેથી જ કરવામાં આવી છે અને જ્યારે જ્યારે વધુ

સુધારાઓની જરૂર પડી ત્યારે ત્યારે એમાં સુધારા પણ કરવામાં આવ્યા છે. બંધારણમાં સમતા અને સમાનતા માટેની જોગવાઈઓ અંગેની કેટલીક વિગતો અહીં આપવામાં આવી છેઃ

## ૧. આમુખ

આમુખ ભારતના બંધારણનો એક અગત્યનો ભાગ છે. બંધારણનું આમુખ ભારતના રાષ્ટ્ર જીવનના આદર્શો દર્શાવે છે. કેવું રાજ્ય ભારતમાં ઊભું કરવાનું છે તે આમુખ દર્શાવે છે. આ આમુખમાં સમાનતા સાથે સંકળાયેલી બાબતો પણ છે. તેમાં અન્ય બાબતો સાથે સર્વ નાગરિકોને માટે (૧) સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય ઊભો કરવો. (૨) દરજ્જા અને તકની સમાનતા લાવવી. (૩) સર્વમાં વ્યક્તિનું ગૌરવ વિકસાવવું એમ જણાવવામાં આવ્યું છે.

## ૨. મૂળભૂત અધિકારો

ભારતના બંધારણમાં ભાગ-૩માં કલમ-૧૨થી કલમ-૩૫ સુધી ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારો સ્વીકારવામાં આવ્યા છે. તેમાં સમાનતા સાથે સંબંધિત અધિકારોનો પણ સમાવેશ થાય છે. આવા અધિકારોની વિગતો નીચે મુજબ છેઃ

### (ક) સમાનતાનો અધિકાર

ભારતના નાગરિકોને સમાનતાનો અધિકાર બંધારણની કલમો ૧૪થી ૧૮માં આપવામાં આવ્યા છે. તે વિશેની જોગવાઈઓ આ મુજબ છેઃ

#### કાયદા સમક્ષ સમાનતા

૧. કોઈ વ્યક્તિને રાજ્ય કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાશે નહિ. આ જોગવાઈ કલમ-૧૪માં કરવામાં આવી છે.

#### ભેદભાવ નહિ

૨. કોઈ નાગરિક્ની સામે ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનને કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.

(ક) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનને કારણે કોઈ પણ નાગરિક ઉપર દુકાનો, જાહેર રેસ્ટોરાં, હોટલો અને જાહેર મનોરંજનનાં સ્થળોમાં પ્રવેશ પર નિયંત્રણો મૂકી ન શકાય, અથવા પ્રવેશ પર શરતો લાદી શકાય નહિ.

(ખ) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનને કારણે કોઈ પણ નાગરિક પર રાજ્યનાં નાણાંમાંથી સંપૂર્ણતયા કે આંશિકપણે નિભાવાતાં હોય કે પછી આમ જનતાના ઉપયોગ માટે હોય તેવાં કૂવા, તળાવો, સ્નાનઘાટો, રસ્તા અને સાર્વજનિક સ્થળોના ઉપયોગ પર નિયંત્રણો મૂકી શકાય નહિ, તેના પર શરતો લાદી શકાય નહિ, કે કોઈને તેમના ઉપયોગ માટે ગેરલાયક ઠરાવી શકાય નહિ.

(ગ) જો કે, રાજ્ય સ્ત્રીઓ અને બાળકો માટે કોઈ ખાસ જોગવાઈઓ કરે તો તેનો અર્થ એવો ના થાય કે રાજ્યે આ જોગવાઈનો ભંગ કર્યો છે.

(ઘ) બંધારણમાં પહેલો સુધારો ૧૯૫૧માં કરવામાં આવ્યો. તેમાં એવી જોગવાઈ કરવામાં આવી કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરિકોના વિકાસ અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે રાજ્ય ખાસ જોગવાઈઓ કરી શકે છે. એવી ખાસ જોગવાઈઓ રાજ્ય કરે તો તેનાથી આ જોગવાઈનો ભંગ રાજ્ય કરે છે એમ કહેવાય નહિ.

#### નોકરી કે હોદ્દો

૩. રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા પર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે. કોઈ નાગરિકની સામે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનને કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.

૪. કોઈ નાગરિક ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, કુળ, જન્મસ્થાન, નિવાસ અથવા એમાંના કોઈ કારણે રાજ્યની નોકરી કે હોદ્દા માટે ગેરલાયક ગણાશે નહિ, અથવા રાજ્ય તેની સામે ભેદભાવ કરશે નહિ.

૫. જો કે, સંસદ કાયદો કરીને એવી જોગવાઈ કરી શકે છે કે જેથી નોકરી કે હોદ્દા પરની નિમણૂક પહેલાં વ્યક્તિને જે તે રાજ્યમાં રહેવા માટે ફરજ પાડી શકાય.

૬. વળી, રાજ્યની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા કોઈ પછાત વર્ગના નાગરિકોને લાભ આપવા નિમણૂકો અથવા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ રાજ્ય કરી શકે છે.

૭. કોઈ ધાર્મિક કે સાંપ્રદાયિક સંસ્થાના કામકાજને માટે હોદ્દો ધરાવનાર વ્યક્તિ અથવા તે સંસ્થાના સંચાલક મંડળનો કોઈ સભ્ય અમુક ધર્મ કે સંપ્રદાયનો હોવો જોઈએ એવી જોગવાઈ થઈ શકે છે. તે માટે કાયદો ઘડી શકાય છે અને તેનો અમલ કરી શકાય છે.

#### અસ્પૃશ્યતા

૮. અસ્પૃશ્યતા બંધારણની કલમ-૧૭ અનુસાર નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ સ્વરૂપે તેના પાલનની મનાઈ ફરમાવવામાં આવી છે. અસ્પૃશ્યતામાંથી ઊભી થતી કોઈ ગેરલાયકાત કોઈ વ્યક્તિને લાગુ પાડવી તે કાયદા અનુસાર શિક્ષાને પાત્ર ગુનો

ગણાય છે.

### (ખ) શોષણ સામનો અધિકાર

બંધારણની કલમ-૨૩ અને કલમ-૨૪માં આ મૂળભૂત અધિકાર દર્શાવવામાં આવ્યો છે. તેની વિગતો આ મુજબ છેઃ

(૧) મનુષ્યનો વેપાર અને વેઠ તથા તેના જેવી બળજબરીથી કરાવાતી કોઈ પણ પ્રકારની મજૂરી પર પ્રતિબંધ મુકાયો છે.

(૨) પ્રતિબંધનો ભંગ કરનાર કાયદાનુસાર શિક્ષાને પાત્ર ઠરે છે.

(૩) જો કે, જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવા કરાવવાનું કામ રાજ્ય કરી શકે છે. એવી સેવા કરાવવામાં રાજ્ય ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, વર્ગને કારણે કોઈ ભેદભાવ રાખશે નહિ.

(૪) ૧૪ વર્ષથી નીચેની વયના બાળકને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહિ. ઉપરાંત, તેને બીજા કોઈ જોખમવાળા કામમાં પણ રાખી શકાશે નહિ.

## ૩. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

બંધારણના ભાગ-૪માં કલમ-૩૬થી કલમ-૫૧ તરીકે રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. ભારતમાં રાજ્યે એક શાસન કરનારી સંસ્થા તરીકે કેવી નીતિઓ અપનાવવી જોઈએ તેના સિદ્ધાંતો આ ભાગમાં છે. એટલે કે તે રાજ્યને નીતિઓના ઘડતર વિશે માર્ગદર્શન પૂરું પાડે છે. આ સિદ્ધાંતોમાં જેમને સમાનતા સાથે સીધો સંબંધ છે એવા સિદ્ધાંતો નીચે મુજબ છેઃ

૧. રાજ્ય લોક કલ્યાણની અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરશે. તે માટે તે સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્રજીવનની તમામ સંસ્થાઓ જેમાં સ્થાપિત હોય તેવી સામાજિક વ્યવસ્થા શક્ય તેટલી કાર્યસાધક રીતે સિદ્ધ કરે અને તેનું રક્ષણ કરે.

૨. રાજ્ય માત્ર વ્યક્તિઓ વચ્ચે જ નહિ, પણ જુદા જુદા વિસ્તારોમાં રહેતા અથવા જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા લોકો વચ્ચે પણ આવકમાં અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરે.

૩. રાજ્ય દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયત્ન કરશે.

૪. રાજ્યે એવી નીતિનો અમલ કરવો કે જેથી આ બાબતો સિદ્ધ થાયઃ

(ક) સ્ત્રી-પુરુષ નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન હક મળે.

(ખ) સમાજની ભૌતિક સાધનસામગ્રીની માલિકી અને નિયંત્રણનું વિતરણ લોકહિત ઉત્તમ રીતે સધાય તે રીતે થાય.

(ગ) અર્થતંત્રનું સંચાલન, સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોની જમાવટ લોકહિતને નુકસાન કરે તે રીતે ન થાય.

(ઘ) સ્ત્રીઓ અને પુરુષોને સરખા કામ માટે સરખો પગાર મળે.

(ચ) પુરુષ અને સ્ત્રી કામદારોનાં આરોગ્ય અને શક્તિનો અને બાળકોની કુમળી વયનો દુરુપયોગ ના થાય.

(છ) નાગરિકોને આર્થિક જરૂરિયાતને કારણે તેમની વય કે શક્તિને માફક ન હોય તેવી રોજગારીમાં પડવું ન પડે.

(જ) બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય તથા ગૌરવભરી સ્થિતિમાં વિકસાવવાની તકો અને સગવડો આપવામાં આવે.

(ઝ) બાળકો અને કિશોરોને શોષણ સામે અને તેમની નૈતિક તથા આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.

૫. બંધારણના આરંભથી ૧૦ વર્ષના સમયમાં તમામ બાળકોને ૧૪ વર્ષની વય પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે.

૬. લોકોના નબળા વર્ગોનાં અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ રાજ્ય વિશેષ કાળજીથી કરશે.

૮. લોકોની પોષણની કક્ષા ઊંચી લાવવી, જીવનધોરણ ઊંચું લાવવું અને જાહેર આરોગ્ય સુધારવું તેને રાજ્ય પોતાની પ્રાથણિક ફરજો ગણશે.

૯. ઔષધના હેતુઓ સિવાય માદક પીણાંના તેમ જ આરોગ્યને હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયત્ન કરશે.

૧૦. રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને કામનો, શિક્ષણનો અને બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના કિસ્સામાં અને વગર વાંકે વેઠવી પડતી તંગીના અન્ય કિસ્સામાં જાહેર સહાયનો અધિકાર નાગરિકોને મળી રહે તેવી જોગવાઈ કરશે.

૧૧. કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે રાજ્ય જોગવાઈ કરશે.

૧૨. પ્રસૂતિ-સહાયતા માટે રાજ્ય જોગવાઈ કરશે.

૧૩. રાજ્ય કાયદા કરીને કે આર્થિક વ્યવસ્થા દ્વારા કે બીજી કોઈ રીતે ખેતીના, ઉદ્યોગના અને અન્ય પ્રકારના તમામ કામદારોને કામ, નિર્વાહ-વેતન તેમ જ શિષ્ટ જીવન ધોરણની પરિસ્થિતિ સિદ્ધ કરવા પ્રયત્ન કરશે.

૧૪. રાજ્ય તમામ કામદારોના ફુરસદના અને સામાજિક તથા સાંસ્કૃતિક તકોના પૂરેપૂરા ઉપયોગની ખાતરી આપતી કામની સ્થિતિ ઊભી કરવા પ્રયત્ન કરશે.

૧૫. રાજ્ય ગ્રામ વિસ્તારોમાં વ્યક્તિગત અથવા સહકારી ધોરણે ગૃહોદ્યોગોની અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરશે.

૧૬. રાજ્ય કાયદા દ્વારા કે બીજી કોઈ રીતે કોઈ ઉદ્યોગમાં રોકાયેલાં

સાહસો, સંસ્થાઓ કે બીજાં સંગઠનોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તે માટેનાં પગલાં ભરશે.

## ગરીબીનું સ્વરૂપ અને અસમાનતા

અસમાનતા ગરીબી સામેની લડાઈ લડવામાં કેટલી ઉપયોગી છે એ એક મોટો સવાલ છે. ગરીબીનાં જુદાં જુદાં સ્વરૂપો છે અને એ સ્વરૂપોને પિછાણવાનું આ સવાલનો જવાબ આપવા માટે મહત્ત્વનું છે. ગરીબીનાં ઘણાં પાસાં છે પણ તેનાં બે મહત્ત્વનાં પાસાં છેઃ

(૧) નીચી આવક અને ઓછી અસ્કામતોને લીધે આર્થિક સત્તાનો અભાવ.

(૨) સામાજિક સેવાઓ, તકો અને માહિતીના અભાવને કારણે અથવા તેમની મર્યાદિત પ્રાપ્તિને કારણે સામાજિક અને રાજકીય સત્તાનો અભાવ. આને પરિણામે ઘણી વાર ભેદભાવ ઊભો થાય છે અને માનવ અધિકારોનો ઈન્કાર કરવામાં આવે છે.

### ૧. ગરીબીનું આર્થિક પાસું અને અસમાનતા

ગરીબીને આર્થિક સંદર્ભમાં જ સામાન્યતયા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. માથાદીઠ આવક કે કૌટુંબિક આવકનું અને વપરાશનું નીચું સ્તર એવી તેની વ્યાખ્યા કરવામાં આવતી હોય છે. આથી એવું સમજવામાં આવે છે કે માત્ર આવકનું સ્તર વધારવાથી ગરીબીની સમસ્યાનું નિવારણ થઈ શકશે.

તેનો વૈકલ્પિક ખ્યાલ તુલનાત્મક ગરીબીનો કે સાપેક્ષ ગરીબીનો છે. તે સમાજોની વચ્ચે અને સમાજોમાં આવકની વહેંચણીની અસમાનતાને વ્યક્ત કરે છે. પણ ઝડપી આર્થિક વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરતા બજારે અને સરકારી નીતિઓએ સાપેક્ષ ગરીબીની મોટે ભાગે અવગણના જ કરી છે.

છેલ્લા બે દાયકાના માળખાગત ગોઠવણ કાર્યક્રમો અને બજાર ઉપરનું વધુ પડતું અવલંબન બંનેએ અસમાનતા વધારી છે અને તેથી માત્ર આર્થિક વૃદ્ધિ ગરીબી ઘટાડવામાં મદદરૂપ થશે એવી માન્યતા સામે મોટો સવાલ ઊભો કર્યો છે. અનેક અભ્યાસો એમ જણાવે છે કે જ્યારે અસમાનતા વધવાને બદલે ઘટી રહી હોય ત્યારે જ આર્થિક વૃદ્ધિની અસર ગરીબીના ઘટાડા ઉપર વિધાયક રીતે પડે છે.

વળી, જો આર્થિક વૃદ્ધિથી અસમાનતા વધતી હોય તો ગરીબીની સ્થિતિ નિરપેક્ષ સ્વરૂપે નહિ તો સાપેક્ષ સ્વરૂપે પણ વણસે છે. ગરીબોને એમ લાગે છે કે તેમની સ્થિતિ તુલનાત્મક રીતે વણસી છે. દા.ત. મોટા ઉદ્યોગોને કર રાહતો કે પ્રોત્સાહનો આપવામાં આવે તો રોકાણમાં વધારો થાય અને ઝડપી આર્થિક વૃદ્ધિમાં તે પરિણમે એમ બને, પરંતુ જો ઓછી આવકની નીતિ અપનાવાય તો ઓછી આવક ધરાવનારાની વપરાશમાં ઘટાડો થાય છે અને માનવ મૂડીમાં ઓછું રોકાણ થાય છે. પરંતુ જો અસમાનતા ઘટાડવાના હેતુ સાથે સુસંગત હોય એવી આર્થિક વૃદ્ધિની વ્યૂહરચના અપનાવાય તો નિરપેક્ષ ગરીબી અને સાપેક્ષ ગરીબી બંને ઘટે છે.

અહીં બીજાં કેટલાંક આર્થિક પાસાં પણ મહત્ત્વનાં છેઃ

(૧) જમીનની માલિકીમાં અસમાનતા હોય તો આર્થિક વૃદ્ધિ અને ગરીબીના ઘટાડા ઉપર તેની નકારાત્મક અસર ઊભી થાય છે. ગ્રામ વિસ્તારોમાં જમીનો ખૂબ ઓછા લોકોની માલિકીની હોય અને બહુમતી જમીનવિહોણા હોય તો શ્રમ પાછળનું ખર્ચ ઘણી વાર વધી જાય છે અને વૃદ્ધિ ઉપર પણ તેની અસર પડે છે.

(૨) અસ્કામતોમાં જો અસમાનતા વધારે હોય તો પણ તે વૃદ્ધિને અસર કરે છે. તેનાથી શિક્ષણની પ્રાપ્તિ અને માનવ મૂડીના સંચયમાં પ્રગતિ આડે મર્યાદાઓ આવે છે. વાસ્તવમાં, આ બે પરિબળો ઉત્પાદકતા વધારવામાં અને ગરીબી ઘટાડવામાં ઉપયોગી થાય છે. વળી, સંપત્તિ અને આવકની અસમાનતાથી સામાજિક તનાવો પણ ઊભા થાય છે.

(૩) જ્યારે ઉત્પાદકતા અને સર્જનાત્મકતાને તેનો યોગ્ય બદલો આપવામાં આવતો નથી ત્યારે સમાનતાથી વૃદ્ધિને હાનિ પહોંચે છે. તેથી રચનાત્મક અસમાનતા અને વિનાશક અસમાનતા વચ્ચે ભેદ પાડવો જરૂરી છે.

(૪) ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદક સંસાધનોની પ્રાપ્તિમાં અસમાનતાથી પણ ગરીબીના ઘટાડા ઉપર અસર થાય છે કારણ કે તેનાથી ગરીબોનું ઉત્પાદનનું અને ખરીદ-વેચાણનું ખર્ચ ઘટે છે. તેથી ગરીબો બજારમાં ઓછા સ્પર્ધાત્મક બને છે અને તેઓ તેમની આવક વધારી શકતા નથી. ગરીબો જમીન, ધિરાણ, માહિતી અને બજાર જેવાં સાધનો ઓછાં મેળવે છે તેથી જ તેનું ઉત્પાદન ખર્ચ વધે છે.

### ૨. ગરીબીનાં સામાજિક-રાજકીય પાસાં અને અસમાનતા

ગરીબી ઘટાડવા માટેના આર્થિક અભિગમ ઉપર જ જો ધ્યાન આપવામાં આવે તો ગરીબી ઘટાડવાની મનુષ્યોની પેઢીઓ વચ્ચેની પ્રક્રિયા વેગ પકડતી નથી. તેને માટે સંપત્તિ અને આવક એક પેઢી જમા કરે તો જ એમ બને. તેથી ગરીબીનાં સામાજિક-રાજકીય પાસાંને ગરીબી ઘટાડાના અભિગમમાં સામેલ કરવાં જરૂરી બને છે. તેમાં આરોગ્ય અને શિક્ષણની પરિસ્થિતિમાં સુધારો તથા કાનૂન ઘડતરની રાજકીય પ્રક્રિયામાં ભાગીદારીમાં વધારો જરૂરી છે. તેથી માનવ મૂડીમાં રોકાણ થાય એ આવશ્યક છે. માનવ મૂડીમાં રોકાણ થવાથી સામાજિક અને

રાજકીય સમતા ઊભી થાય છે.

## માનવીય ક્ષમતાઓમાં વૃદ્ધિ

સમતા લાવવા માટે માનવીય ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. સંપૂર્ણ જીવન જીવવા માટે લોકોની ક્ષમતા વધે એ તમામ વિકાસનું લક્ષ્ય છે. માટે જ તેમના શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ કરવું પડે અને જોખમોને સંભાળવાની તેમની ક્ષમતા વધે તે માટે તેવું રોકાણ કરવું પડે. બજાર અને રાજ્ય જો આ બાબતમાં નિષ્ફળ જાય તો પોતાની ક્ષમતા ઊભી કરવાની લોકોની તકોમાં ખૂબ જ વધારે અસમાનતા ઊભી થાય છે. જેમની ક્ષમતા ઓછી હોય છે તેમની સમાજના ઉત્પાદક સભ્યો તરીકેની સુસજ્જતા ઓછી હોય છે.

બજારનું જમા પાસું એ છે કે તે કાર્યક્ષમ રીતે સંસાધનોની ફાળવણી કરવામાં મદદ કરે છે. જ્યારે રાજ્યનું જમા પાસું એ છે કે તે કલ્યાણને નજર સમક્ષ રાખીને અર્થતંત્રનાં સંસાધનોની ફાળવણી કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષણની પહોંચ અને તેનું પરિણામ, આરોગ્યની સ્થિતિ, રોજગારીની તકો, સામાજિક સુરક્ષા અને સામાજિક કલ્યાણનાં અન્ય પાસાંમાં જે અસમાનતા દેખાય છે તે વ્યાપક છે અને જુદા જુદા દેશોમાં વધતી જાય છે.

### ૧. શિક્ષણની ભૂમિકા

શિક્ષણને એક એવા શક્તિશાળી પરિબળ તરીકે જોવામાં આવે છે કે જે તકોની સમાનતા લાવે છે. તેનું કારણ એ છે કે તે વ્યક્તિને એવી ક્ષમતા આપે છે કે જેના દ્વારા તે ઊંચી આવક કમાઈ શકે છે, ઊંચું જીવનધોરણ પ્રાપ્ત કરી શકે છે અને જેઓ પ્રદૂષિત વાતાવરણમાં જીવે છે તેઓ આરોગ્ય સામેનાં મોટાં જોખમોને ટાળી શકે છે.

લખવાનું અને વાંચવાનું શીખવાથી તથા તકનિકી કે વ્યવસાયી કુશળતા પ્રાપ્ત કરવાથી સારી કમાણી આપતી અને સારી કામની સ્થિતિ ધરાવતી નોકરીઓ પ્રાપ્ત કરી શકાય છે. વળી, એવા ખાસ્સા પુરાવા પ્રાપ્ત થાય છે કે જે વસાહતોમાં સફાઈની સવલતો અપૂરતી હોય અને પાણી નળમાં ઉપલબ્ધ ના હોય ત્યાં પણ જો માતાઓ શિક્ષિત હોય તો બાળકોમાં મૃત્યુ દર ઘટે છે. આ હકીકતો એમ બતાવે છે કે જો સારી રીતે કામ કરતી શિક્ષણ વ્યવસ્થા હોય તો તેનું મહત્ત્વ અસમાનતાને ઘટાડવામાં ઘણું છે.

જુદા જુદા દેશોની અંદર અને જુદા જુદા દેશોની વચ્ચે શિક્ષણની ગુણવત્તા અને પ્રાપ્યતા વચ્ચેના તફાવતો ઘણા જ મોટા છે. શિક્ષણની પ્રાપ્યતા વચ્ચેની અસમાનતા સામાજિક-આર્થિક કારણોસર પ્રવર્તે છે એટલું જ નહિ, પણ કૌટુંબિક પશ્ચાદ્ભૂમિ પણ તેમાં ભાગ ભજવે છે. મહત્ત્વની બાબત એ છે કે આવી અસમાનતાઓ પેઢી-દર-પેઢી ઊતરતી જ જાય છે. શિક્ષણની અને રોજગારીની તકો ઘણી વાર વારસામાં મળે છે, અને તેને કારણે જ ઘણા લોકો પદ્ધતિસર એ તકોમાંથી બાદબાકી પામે છે.

ઘણા અભ્યાસો એમ બતાવે છે કે શિક્ષણ પ્રાપ્ત કરવાનું સરેરાશ સ્તર જો વધે તો અસમાનતા ઘટે છે. ખાસ કરીને જો માધ્યમિક શિક્ષણમાં વધારો થાય તો અને મહિલાઓને જો તે મળે તો સ્ત્રી-પુરુષ અસમાનતા ઘટવાની તકો વધે છે. તેથી જ પ્રાથમિક શિક્ષણ સૌને મળે અને ખાસ કરીને છોકરીઓને મળે તે માટેની ઝુંબેશ ખાસ ચલાવવામાં આવે છે.

શિક્ષણમાં ગુણાત્મક ફેરફારો આવે તે માટેના સુધારા પણ અસમાનતા દૂર કરવાની બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. અહીં અસમાનતાને શ્રમ બજાર સાથે સંબંધ છે એ ધ્યાનમાં લેવાય છે. નવી ટેક્નોલોજીઓ આવતી જાય છે અને સ્પર્ધા વધતી જાય છે. તેથી શ્રમ બજારની માંગમાં પરિવર્તન આવતું જાય છે. એને ધ્યાનમાં રાખીને જો શિક્ષણમાં ફેરફારો લાવવામાં આવે તો અસમાનતા ઘટાડવામાં એ સુધારેલું શિક્ષણ મહત્ત્વનો ફાળો આપે છે. માત્ર પ્રારંભિક કે પ્રાથમિક શિક્ષણ અસમાનતા ઘટાડવા માટે પૂરતું થઈ પડતું નથી.

### ૨. આરોગ્યની ભૂમિકા

સમતાપૂર્ણ વિકાસની પ્રક્રિયામાં આરોગ્ય એક બીજું અગત્યનું પરિબળ છે. આરોગ્યની સ્થિતિ માત્ર જીવનની ગુણવત્તાને જ અસર કરે છે એવું નથી તે તકોના સ્તરને અને ઉત્પાદકતાના પ્રમાણને પણ નક્કી કરે છે. આરોગ્યની અસમાનતાની જે તરાહ દેખાય છે તેમાં એમ જણાય છે કે સમાજના તકવંચિત વર્ગો આરોગ્ય સંભાળ વ્યવસ્થામાંથી બાકાત રહી જતા હોય છે.

સૌને પ્રાથમિક આરોગ્ય સંભાળ પ્રાપ્ત થાય તે જરૂરી છે અને તે માટે આરોગ્યની વ્યવસ્થામાં સુધારા કરવા જરૂરી છે. એ જ રીતે આરોગ્ય સંભાળની સેવાઓની ગુણવત્તામાં સુધારો થાય એ જરૂરી છે અને એ જ રીતે તેની કાર્યક્ષમતામાં પણ સુધારો થવો જોઈએ. બાળકો અને માતાઓના આરોગ્યમાં સુધારો કરવાના પ્રયાસો તે માટે જ કરવામાં આવે છે. એટલે કૌટુંબિક આરોગ્ય સંભાળનો સંકલિત અભિગમ જરૂરી બની જાય છે.

### ૩. સામાજિક સુરક્ષાની ભૂમિકા

સામાજિક સુરક્ષાની વ્યવસ્થાઓ પણ અસમાનતા ઘટાડવામાં ખૂબ ઉપયોગી બને છે. જેમ કે બેકારી ભથ્થું, વિકલાંગતા સામે વીમો, પેન્શન, સામાજિક સલામતી અને આવકના ટેકાનાં અન્ય સ્વરૂપો

અસમાનતા અને ગરીબી ઘટાડવા માટેની વ્યૂહરચનાનાં પાયાનાં ઘટકો છે. જો પૂરતા પ્રમાણમાં સામાજિક સુરક્ષાનું તંત્ર ગોઠવાયું ના હોય તો વ્યક્તિઓ અને કુટુંબોએ બેકારીના સમયમાં અથવા કામ મળવા આડેના વચગાળાના સમયમાં સૌથી વધુ સહન કરવું પડે છે. અસહાય જૂથોના લોકોમાં આ સમસ્યા વિશેષપણે દેખાય છે. હાલ દુનિયાના ૮૦ ટકા લોકો જ્યાં વસે છે એવા વિકસતા દેશોમાં સામાજિક સુરક્ષાની વ્યવસ્થાઓ અને સંસ્થાઓ ખૂબ જ નબળી છે અથવા તેમને માટે ખૂબ જ ઓછાં નાણાં ફાળવવામાં આવે છે.

છેલ્લા કેટલાક સમયથી સામાજિક સુરક્ષાનાં પગલાં પાછળનો સરકારી ખર્ચ વધતો જતો હોવાને લીધે માત્ર વિકસતા દેશોમાં જ નહિ પણ ધનવાન દેશોમાં પણ સરકારો આ ક્ષેત્રમાંથી ખસી રહી છે અને તેનું ખાનગીકરણ કરી રહી છે. તેનો ઈરાદો આ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે, પણ બજારલક્ષી અભિગમ અપનાવાથી સામાજિક એકતાને અને સમાનતાને માટે મોટો ખતરો ઊભો થયો છે. અને તેથી જ રાજ્ય જ સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે એ જરૂરી બની જાય છે.

## વિકાસ માટે સમતાની શી જરૂર છે?

અસમાનતા વિકાસના સંદર્ભમાં મહત્ત્વની શા માટે છે? સમાજનાં કેટલાંક જૂથોને અન્ય નાગરિકો કરતાં આર્થિક, સામાજિક અને રાજકીય તકો ઓછી મળે છે. તકોની અસમાનતા વાજબીપણાના સિદ્ધાંતનો છેદ ઉડાડે છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે અસમાનતાનો ભોગ બનનારી વ્યક્તિ કે જૂથ આપમેળે એ દૂર કરવા માટે કશું જ ઝાઝું કરી શકે તેમ ના હોય.

અહીં એક મુદ્દો અગત્યનો એ છે કે જ્યારે બજારો અપૂર્ણ હોય છે ત્યારે સત્તા અને સંપત્તિની અસમાનતા અસમાન તકોમાં પરિણમે છે. તેથી જેઓ અસમાનતાનો ભોગ બને છે તેમની ઉત્પાદક શક્તિઓનો ઉપયોગ તેમના પોતાના કે સમાજના અને અર્થતંત્રના લાભ માટે થઈ શકતો નથી. એ તેમના પોતાને અને અર્થતંત્રને બંનેને માટે હાનિકારક સાબિત થાય છે. અર્થતંત્રમાં પ્રાપ્ય સંસાધનોની બિનકાર્યક્ષમ ફાળવણીમાં પણ તકોની અસમાનતા સંસ્થાગત વિકાસમાં અવરોધો ઊભા કરે છે.

સમાજમાં જે રાજકીય અને આર્થિક સંસ્થાઓ ઊભી થાય છે તે જ તકો અને અવરોધો બંને ઊભાં કરે છે અને બજાર કેવી રીતે કામ કરશે તે નક્કી કરે છે. એટલે બજારમાં જે અપૂર્ણતાઓ દેખાય છે તે અપૂર્ણતાઓ વાસ્તવમાં અકસ્માતે ઊભી થઈ નથી હોતી પણ બજાર સંપત્તિ અને સત્તાનું જે વિતરણ સમાજના જુદા જુદા વર્ગોમાં કરે છે તેને લીધે ઊભી થઈ હોય છે. બજારની અપૂર્ણતા સ્પર્ધા કે હરીફાઈ સામે અવરોધો ઊભા કરે છે અને સમાજનાં અમુક જૂથો એ અપૂર્ણ હરીફાઈમાં પણ હિસ્સેદાર થઈ શકતા નથી.

## અસમાનતા, ભેદભાવ અને અસલામતી

અસમાનતા જ્યારે ભેદભાવને પરિણામે ઉદ્‌ભવે છે ત્યારે સમાજમાં અમુક વ્યક્તિઓ કે જૂથો આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસની પ્રક્રિયામાંથી બાદબાકી પામે છે. આ બાદબાકી ભૌતિક, સામાજિક અને વસ્તુલક્ષી હોય છે. જેઓ આવી બાદબાકી પામે છે તેઓ અલગાવ અનુભવે છે અને નિર્ણય પ્રક્રિયામાં તેઓ ભાગીદાર થઈ શકતા નથી. આ પરિસ્થિતિમાંથી તેમને માટે અસલામતી જન્મે છે. એ દૂર કરવા માટે સમતાની આવશ્યકતા છે.

સમતાનો અર્થ આ સંદર્ભમાં એ છે કે સૌને તેમની સુષુપ્ત શક્તિઓ મુજબ વિકસવાની તકો મળે અને એમાં ભેદભાવનો સામનો કરવો ના પડે. આવી તકો પૂરી પાડવાનું કામ સમગ્ર સમાજે કરવું પડે અને રાજ્યે કલ્યાણના ધ્યેયને નજર સમક્ષ રાખીને એમાં પહેલ કરવી પડે. આથી રાજ્યની ભૂમિકા એ છે કે સમાજનાં તરછોડાયેલાં, હાંસિયામાં ધકેલાઈ ગયેલાં વંચિત જૂથોને તે મુખ્ય પ્રવાહમાં લાવવાની કોશિષ કરે.

આ કોશિષ તેણે અસલામતી સામે સલામતી પૂરી પાડીને કરવી પડે છે તેમ અને સલામતી તકોની પ્રાપ્યતામાંથી ઊભી થાય છે. જ્યારે રાજકીય, આર્થિક અને સામાજિક વ્યવહારોમાં વંચિત જૂથોને તકો પ્રાપ્ત થાય છે ત્યારે તેમને એમ લાગે છે કે તેઓ સમાજનો જ ભાગ છે અને સમાજમાં તેમને સમાનપણે જીવવાની, રહેવાની અને વિકાસની તકો છે. જ્યાં સુધી આ પ્રકારની તકો તેમને ઉપલબ્ધ થતી નથી ત્યાં સુધી તેમને અસંતોષ રહે છે અને આ અસંતોષ ક્યારેક પ્રત્યક્ષ હિંસામાં પરિણમે છે.

જે બિન-સરકારી સંગઠનો, સમુદાય-આધારિત સંગઠનો અને સ્વૈચ્છિક કે લોક સંગઠનો વિકાસના ક્ષેત્રમાં કામ કરે છે તેમણે સમતા લાવવા માટે દરમ્યાનગીરી કરવાનું નક્કી કરેલું છે. આથી તેઓ વિવિધ પ્રકારની સામાજિક-આર્થિક વિકાસની પ્રવૃત્તિઓ કરે છે. યોજનાઓ, પરિયોજનાઓ અને કાર્યક્રમોના અમલના સંદર્ભમાં આથી આ સંગઠનોએ એવા પ્રકારની વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વની એવી દરમ્યાનગીરીઓ કરવી પડે તેમ છે કે જેથી સમતા ઊભી થાય. બાળકો, મહિલાઓ, દલિતો, આદિવાસીઓ અને અન્ય વંચિત જૂથોને માટે સમાજમાં સામાજિક, આર્થિક અને રાજકીય ભેદભાવ વિના સમાન તકો ઊભી

**શેષ પૃષ્ઠ ૧૦ ઉપર**

# 'વિશ્વ સામાજિક મંચ'ની પેલે પાર

૨૦૦૧થી 'વિશ્વ સામાજિક મંચ' દર વર્ષે મળે છે. થોડા સમયથી તેનાં પ્રાદેશિક સ્વરૂપો પણ ઊભાં થયાં છે. સ્થાનિક પ્રશ્નો અને રાજકીય આંદોલનોમાં સામાજિક આંદોલનોની ભૂમિકા શી છે અને 'વિશ્વ સામાજિક મંચ'ની આવી પ્રાદેશિક બેઠકો કેટલી ઉપયોગી થઈ શકે છે તેની છણાવટ આ લેખમાં મુખ્યત્વે વેનેઝુએલાની બેઠકના સંદર્ભમાં **સુશ્રી સુજાતા ફર્નાન્ડિઝ** દ્વારા કરવામાં આવી છે.

## પ્રસ્તાવના

તાજેતરમાં વેનેઝુએલામાં કેરાકાસ ખાતે (જાન્યુ.-૨૪-૨૯, ૨૦૦૬), માલીમાં બામકો ખાતે (જાન્યુ.-૧૯-૨૩,૨૦૦૬) અને પાકિસ્તાનમાં કરાચી ખાતે (માર્ચ-૨૪-૨૯, ૨૦૦૬) પ્રાદેશિક સામાજિક મંચોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાદેશિક મંચોનું મૂળ 'વિશ્વ સામાજિક મંચ' (વર્લ્ડ સોશ્યલ ફોરમ - ડબલ્યુએસએફ)માં છે. તે દુનિયાભરના સામાજિક આંદોલનના નેતાઓ અને કર્મશીલોની એક બેઠક છે કે જે સામાજિક ન્યાય માટેનાં વિચારો અને વ્યૂહરચનાઓના વિનિમયને પ્રોત્સાહન આપે છે.

'વિશ્વ સામાજિક મંચ' આંશિક રીતે 'વિશ્વ આર્થિક મંચ' (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ - ડબ્લ્યુઈએફ)ના વિકલ્પરૂપે ઊભો થયો હતો અને પહેલી વાર બ્રાઝિલમાં પોર્ટો એલિગ્રી ખાતે તેની બેઠક ૨૦૦૧માં મળી હતી. 'વિશ્વ સામાજિક મંચ'ની બેઠક સતત ત્રણ વાર પોર્ટો એલિગ્રીમાં મળ્યા પછી ૨૦૦૪માં તેની બેઠક મુંબઈમાં મળી હતી. પોર્ટો એલિગ્રીમાં ડાબેરી વાતાવરણ મજબૂત હતું અને ત્યાંના પ્રગતિશીલ મેયરે નવતર અંદાજપત્રીય નીતિઓ દ્વારા તેને ટેકો પૂરો પાડ્યો હતો. તેથી તેને મુંબઈ ખસેડવાનું જોખમી ગણાતું હતું.

કેટલાક લોકોને એવી ચિંતા હતી કે રાજકારણીઓ દ્વારા મંચમાં દોરીસંચાર કરાશે અને ભ્રષ્ટાચાર પણ થશે. સરકારો અને મોટાં બિન-સરકારી સંગઠનોના પ્રભાવના ટીકાકારો એવા બીજા કેટલાક લોકોએ 'મુંબઈ પ્રતિકાર' (મુંબઈ રેઝિસ્ટન્સ) નામે એક સમાંતર કાર્યક્રમ પણ યોજ્યો હતો.

## પ્રાદેશિક મંચો

કેરાકાસમાં યોજાયેલા 'વિશ્વ સામાજિક મંચ' માટે સહભાગીઓમાં ઊંચી અપેક્ષાઓ હતી. ડાબેરી નેતા હ્યુગો ચાવેઝ તેમની 'બોલિવેરિયન ક્રાંતિ' સાથે આગળ વધી રહ્યા હતા. તે ઉદ્દામવાદી પુનર્વહેંચણી અને પ્રાદેશિક એકતા માટેનું એક મહત્ત્વાકાંક્ષી નવ-ઉદારમતવાદ વિરોધી આંદોલન છે. ચાવેઝ ૧૯૯૮માં વેનેઝુએલામાં દેશની તેલ સંપત્તિનો ઉપયોગ વધતી ગરીબીને નાથવા માટે કરવાના વચન સાથે સત્તા પર આવ્યા અને તેમના શાસન કાળ દરમ્યાન તેમણે ખાસ્સી પ્રગતિ સાધી છે.

બોલિવિયામાં ઈવો મોરેલ્સ નામના આદિવાસી નેતા પ્રમુખપદે ચૂંટાયા. આ ગાળા દરમ્યાન લેટિન અમેરિકામાં ડાબેરી આંદોલનોના નેતાઓ ચૂંટણીમાં વિજયી બને તેવો પવન ફૂંકાયો. સખત નવ-ઉદારમતવાદી આર્થિક નીતિઓના દાયકાઓ બાદ અંતે પવન ઊંધો ફૂંકાતો લાગ્યો અને કર્મશીલો, હિમાયત જૂથો અને વિદ્વાનો જાન્યુઆરીમાં કેરાકાસમાં ભેગા થયા. તેઓ અમેરિકા ખંડમાં આ જે પરિવર્તનો આવી રહ્યાં હતાં તેના વિશે જીવંત ચર્ચા અને વિચાર-વિમર્શ કરવાની અપેક્ષા રાખતા હતા.

કેરાકાસમાં સામાજિક મંચમાં ચાવેઝ સરકારની મજબૂત હાજરી હતી. સામ્રાજ્યવાદના વિરોધમાં તથા નવ-ઉદારમતવાદ સામે લડવા માટેની વ્યૂહરચનાઓ માટે અને અગાઉની બેઠકોમાં એવા જે વિષયો ચર્ચાયા હતા તેમને માટે અનેક જૂથો હતા. પરંતુ કેરાકાસ મંચનો એ લોકપ્રિય સામાજિક આંદોલનના નેતાઓ દ્વારા અને વેનેઝુએલાનાં સંગઠનો દ્વારા જ વિરોધ કરાયો હતો કે જેઓ ચાવેઝની 'બોલિવેરિયન ક્રાંતિ'નો પાયો હતાં.

સત્તાવાર સરકારી કાર્યક્રમો અને તમામ પહેલોને મંચના કાર્યક્રમમાં અવકાશ અપાયો હતો, પરંતુ ગરીબ 'બેરીઓઝ' કે લા વેગા, સાન ઓગસ્તિન, કેરિકુઓ, પેતારી જેવાં નાનાં અને ગરીબ નગરોનાં સામુદાયિક સંગઠનોના અનુભવોનો તેમાં સમાવેશ થયો નહોતો. વેનેઝુએલામાં સામુદાયિક માધ્યમો એક મહત્ત્વનું અને વિકસતું આંદોલન બન્યું છે. તેની ચર્ચાસભાઓ બ્રોડકાસ્ટિંગ સેવાઓ માટેની સત્તાવાર નિયમનકારી સંસ્થા 'નેશનલ કમિશન ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ' (કોનાટેલ) દ્વારા યોજવામાં આવી હતી.

'કોનાટેલ'ને સામુદાયિક માધ્યમોના કર્મશીલો સાથે તંગ સંબંધો છે

અને તેથી તે ચર્ચાસભાઓનો કર્મશીલોએ બહિષ્કાર કર્યો હતો. એ એક વિચિત્ર બાબત હતી કે કેરાકાસમાં સામાજિક ન્યાયના મુદ્દે એક મોટી પ્રાદેશિક પરિષદ મળી રહી હતી ત્યારે અનેક દાયકાઓથી ગરીબોમાં સામાજિક ન્યાયનાં આંદોલનો સાથે સંકળાયેલા ઘણા સ્થાનિક કર્મશીલોએ તેમાં ભાગ લીધો.

વળી, અગાઉના મંચોમાં ટીકાઓ અને ચર્ચા માટે ખૂબ જ અવકાશ પૂરો પાડવામાં આવ્યો હતો. પણ આ મંચનું આયોજન મધ્યમ વર્ગના એક પરામાં એવા કલાકારો અને બુદ્ધિજીવીઓ દ્વારા કરવામાં આવ્યું હતું કે જેમને ગરીબો માટેનાં સામાજિક આંદોલનો સાથે કોઈ સંબંધ નહોતો. દક્ષિણ મેક્સિકોમાં ઝાપાતિસ્તા દ્વારા ચલતા આંદોલનને આ મંચમાં કોઈ સ્થાન નહોતું અને તેમને મંચમાં ખૂણેખાંચરે તેમની સભાનું આયોજન કરવાની કે તેનું વિજ્ઞાપન કરવાની ફરજ પાડવામાં આવી હતી. આવું ઘણા બધા વિશે બન્યું હતું.

૧૯૯૪માં મેક્સિકોમાં ચાયપાસ રાજ્યમાં દેશજ કર્મશીલોના ઝાપાતિસ્તા આંદોલનને વેગ મળ્યો હતો. 'ઉત્તર અમેરિકા મુક્ત વ્યાપાર સમજૂતી' (નાફ્ટા-નોર્થ અમેરિકન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) ઉપર મેક્સિકોની સરકારે સહી કરી પછી આ આંદોલન મજબૂત બન્યું હતું. કૃષિ ક્ષેત્રના સુધારાઓ સામે સવાલો ઉઠાવવામાં અને દેશજ લોકોના અધિકારોના મુદ્દાને કેન્દ્ર સ્થાને લાવવામાં ઝાપાતિસ્તાઓ તે પછી સફળ રહ્યા છે.

કેરાકાસ મંચનો અનુભવ એમ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે છેક નીચેથી આયોજન કરવાના પ્રયાસોમાં સમસ્યાઓ ઊભી થાય છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિનિમય કરવાના અને એકતા સાધવામાં પણ મુસીબતો ઊભી થાય છે. એમાં ચાવેઝ સરકારની મજબૂત હાજરી હતી એ જ સમસ્યા નહોતી પરંતુ 'વિશ્વ સામાજિક મંચ'ના સ્વરૂપમાં પણ સમસ્યા હતી. તેમાં હિમાયત અને બિન-સરકારી સંગઠનોનો તર્ક ઘણી વાર સામાજિક આંદોલનોની પોતાની માંગ અને જરૂરિયાતો કરતાં વધારે હાવી થઈ જતાં હતાં.

## નવા સવાલો

તેમ છતાં, મંચમાં અન્ય અવકાશો ઊભા થાય તે જરૂરી હોવા છતાં પ્રાદેશિક રીતે આંતરરાષ્ટ્રીય આયોજનનાં સ્વરૂપ અને ભૂમિકા વિશે સામાજિક આંદોલનોમાં નવા સવાલો ઊભા થયા છે. વેનેઝુએલાના સામાજિક માધ્યમોના કર્મશીલોએ જે તંબુ ઊભો કર્યો હતો તેમાં ખાસ્સી જીવંત ચર્ચા થઈ હતી.

લેટિન અને ઉત્તર અમેરિકામાં સંચારના પ્રશ્નો વિશે અનેક કાર્યશાળાઓ યોજાઈ. ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકાના કર્મશીલો વચ્ચે તકનિકી વિનિમય પણ થયો. આદિવાસી જૂથો સાથે મળીને આ કર્મશીલોએ ઝુલિયા રાજ્યમાં કોલસાની ખાણોના ખોદકામના વિરોધમાં ફોરમના એક દિવસ દરમ્યાન કૂચ પણ યોજી હતી.

'કોઓર્દિનાદોરા સિમોન બોલિવર' નામના સામુદાયિક સંગઠનના કર્મશીલોના એક બીજા જૂથે પણ એક સમાંતર સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગમાં તો કેટલાક લોકો મધ્યમ વર્ગીય પરાનાં કેટલાંક સ્થળોના પ્રસંગો છોડીને આવ્યા હતા. તેઓ યુનિવર્સિટી અને મોટા સભાખંડો છોડીને આવ્યા હતા અને રાજકીય કાર્ય કરતાં નાનાં જૂથોમાં ભળી ગયા હતા.

મંચમાં કેટલાક નાના પ્રસંગો પણ હતા. તેઓ અમેરિકામાં સામાજિક આંદોલનો ઊભાં કરવામાં સાચો આંતરરાષ્ટ્રીય વિનિમય શું કામ કરી શકે તેની ઝલક બતાવતા હતા. બોલિવિયાના લોકોએ જે એક ચર્ચાસભા યોજી હતી તેમાં ઈવો મોરેલ્સ પાર્ટીની ભૂમિકા વિશે ચર્ચા થઈ હતી. 'સમાજવાદ માટેના આંદોલન (એમએએસ)' તરીકે તેની ભૂમિકા વિશે ચર્ચા થઈ અને શ્રોતાગણમાંની એક વ્યક્તિએ ચૂંટણી પછીના સમયમાં પક્ષની ભૂમિકા વિશે સવાલ પૂછ્યો હતો.

બોલિવિયાના લોકોએ નારાજ થઈને એવો પ્રતિભાવ આપ્યો હતો કે એમએએસ કોઈ પક્ષ નથી, એ તો એક આંદોલન છે, તે લોકોનું આંદોલન છે અને સરકારનું નહિ. આ ઘોષણાથી એ ખંડમાં વેનેઝુએલાના જે લોકો હતા તેમને ઘણું આશ્ચર્ય થયું હતું કારણ કે તેમાંના ઘણા લોકોને ચાવિસ્તા પાર્ટીઝને ચાવેઝના પક્ષ તરીકે જોવાની ટેવ પડી ગઈ હતી. બોલિવિયન લોકો એમએએસ વિશે ખરેખર માલિકીભાવ ધરાવતા હતા. એવો માલિકીભાવ વેનેઝુએલાના બાકીના મોટા ભાગના સામાજિક કર્મશીલો ચાવેઝના પક્ષ માટે ધરાવતા નહોતા.

ચાવેઝને સામાજિક આંદોલનો અને ગરીબોનો ખાસ્સો ટેકો છે પણ તેમના પક્ષની બદનામી થઈ ચૂકી છે. ચર્ચાસભા પછીની ચર્ચાઓમાં વેનેઝુએલાના કેટલાક લોકોએ એમએએસ વિશે વધુ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેઓ લોકોના ટેકાવાળા એ આંદોલનનો અનુભવ જાણવા માગતા હતા.

મંચના છેવાડે ઝાપાતિસ્તાસ દ્વારા તંબુમાં જે ચર્ચાસભા યોજવામાં આવી હતી તેમાં પણ ખૂબ જ રસપ્રદ વિચાર-વિનિમય થયો હતો. જ્યારે ઔપચારિક રજૂઆત પૂરી થઈ ત્યારે વેનેઝુએલાના લોકોએ ઊભા થવાનું અને રાજ્યની સત્તાના પ્રશ્નને ઉઠાવવાની જરૂરિયાત દર્શાવવાનું શરૂ કર્યું. તેમણે વેનેઝુએલાના લોકોએ જેમ રાજ્યની સત્તા હસ્તગત કરી એમ તેમણે પણ તે હસ્તગત કરવી જોઈએ એવી

રજૂઆત કરી હતી. ઝાપાતિસ્તા કર્મશીલોએ ખૂબ સૌજન્યપૂર્વક તેનો પ્રતિભાવ આપ્યો અને કહ્યું કે મેક્સિકો અને વેનેઝુએલાના ઈતિહાસ વિભિન્ન છે અને ઝાપાતિસ્તાની વ્યૂહરચના સ્વાયત્ત અને સ્વાવલંબી સમુદાયોનું નિર્માણ કરીને નીચેથી સત્તાનું સર્જન કરવાની છે. તેમણે કહ્યું કે તેઓ વ્યાપક રાષ્ટ્રીય જોડાણો કેવી રીતે ઊભાં કરવાં એ વેનેઝુએલાના અનુભવ પરથી શીખી શકે છે.

પરંતુ મેક્સિકોમાં ખૂબ મોટા પ્રમાણમાં આદિવાસી પ્રજા છે તેથી કોઈ એક જ વ્યક્તિ બધાં જૂથો વતી બોલી શકે નહિ. ડાબેરી મેક્સિકન મેયર મેન્યુએલ લોપેઝ ઓબ્રાદોર આગામી ચૂંટણીમાં ચૂંટાઈ શકે છે પણ તેઓ પણ તમામ આદિવાસી જૂથોનું પ્રતિનિધિત્વ કરી શકે નહિ એમ એક ઝાપાતિસ્તા કર્મશીલે કહ્યું હતું.

'બોલિવેરિયન ક્રાંતિ'ના ખ્યાલમાં ઘણી વાર રાજ્યની સત્તાને ઉપરથી નીચેની દિશામાં જોવામાં આવે છે તેથી ઝાપાતિસ્તા કર્મશીલો નીચેથી સત્તા ઊભી કરવા અંગે અને સામાજિક આંદોલનોના નિર્માણ અંગે વૈકલ્પિક મતો ઉઠાવવામાં મદદરૂપ થઈ શક્યા હતા. 'બોલિવેરિયન ક્રાંતિ' અંગેની ચાવેઝની વાત અમેરિકા ખંડના દેશોમાં રાષ્ટ્રવાદી શૈલીમાં ગણાતી થઈ છે અને સમગ્ર ખંડમાં ચાવેઝ અને સ્થાનિક ઈતિહાસને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો અને તેમના કહેવાનો સૂચિતાર્થ એ હતો કે ખંડવ્યાપી જોડાણો છેક નીચેથી ઊભાં થવાં જોઈએ અને તે રાજ્યની સત્તામાંથી આવવાં જોઈએ નહિ.

## ઉપસંહાર

સામાજિક આંદોલનોને ગતિ પૂરી પાડવામાં આવા આંતરરાષ્ટ્રીય વિચાર-વિનિમય મહત્ત્વની ભૂમિકા ભજવે છે એમાં શંકાને કોઈ સ્થાન નથી કારણ કે અમેરિકા ખંડના દેશોમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપે એ અસ્તિત્વમાં આવ્યાં છે. ધરાતલીય રાજકીય શીખના અનુભવોની આપલે એવા લોકોને મહત્ત્વનાં સંસાધનો પૂરાં પાડી શકે છે કે જેઓ રાજ્યની સંસ્થાઓમાં નોકરશાહી સત્તાને મજબૂત કરવા માગનારાની વિરુદ્ધની નવી ડાબેરી સરકારોમાં સામાજિક આંદોલનોની મહત્ત્વની ભૂમિકા જુએ છે.

કદાચ 'વિશ્વ સામાજિક મંચ' ખૂબ જ મર્યાદિત અવકાશ પૂરો પાડે છે કે જેમાં આવો વિચાર-વિનિમય થઈ શકે. પરંતુ આપણે એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે આંતરરાષ્ટ્રીય વિચાર-વિનિમિય એક શક્ય વાસ્તવિકતા છે. લા વેગાના એક મહત્ત્વના સામુદાયિક નેતા ફ્રેડી મેન્દોઝા નવેમ્બર-૨૦૦૬માં આવી રહેલી ચૂંટણીમાં ચાવેઝ ફરી ચૂંટાય તે માટે કામ કરી રહ્યા છે. તેઓ એમ કહે છે કે, "અમે એવા રાજ્ય સાથે સહ-અસ્તિત્વ ધરાવવા માગીએ છીએ કે જે લોકોની સેવા કરે, લોકોને હુકમો ના કરે, એક બહુવાદી રાજ્ય ઈચ્છીએ છીએ, સર્વસત્તાવાદી નહિ, સમાજની સેવા માટેનું રાજ્ય ઈચ્છીએ છીએ, મૂડીની સેવા માટેનું નહિ, એક એવું રાજ્ય જોઈએ છીએ, મૂડીની સેવા માટેનું નહિ, એક એવું રાજ્ય જોઈએ છે કે જે એમ સમજે કે તે પોતે નાગરિક સમાજ કે લોકોના આત્મનિર્ધારનો અવેજ બની શકે નહિ".

(સ્રોતઃ ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી, ૧.૪.૨૦૦૬)

## પૃષ્ઠ ૭નું શેષ

થાય તેવા પ્રકારની વ્યૂહરચના આ સંગઠનોએ અપનાવવી પડે તેમ છે. એટલે કે દેખીતી રીતે માત્ર આર્થિક ક્ષમતા વધે તે સમતા માટે પૂરતું નથી. સંગઠનોએ સ્થાનિક સંદર્ભોને ધ્યાનમાં રાખીને અસલામતી અને અસમાનતા તથા ભેદભાવ દૂર થાય તેવી રીતે કાર્યક્રમોનો અમલ કરવા માટેની વ્યૂહરચના બનાવવી પડશે અને રાજ્યને તે માટે સંમત કરવું પડશે. વૈશ્વિકીકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણની પ્રક્રિયાઓમાં રાજ્યે બજાર ઉપર વધારે આધાર રાખવાનું શરૂ કર્યું છે. તેને પરિણામે ઘણી વાર રાજ્ય પોતે સમતા વિશે કદાચ ચિંતા કરે છે પણ સમાનતા વિશે ઓછી ચિંતા કરે છે એવું દેખાય છે. રાજ્ય જો કલ્યાણ રાજ્ય હોય તો કલ્યાણના સમાનતાલક્ષી પાસા વિશે તેણે વધારે સજાગ બનવાની જરૂર છે એમ સમજવું જોઈએ કારણ કે અસમાનતા હંમેશાં આર્થિક, સામાજિક અને રાજકીય તનાવો પેદા કરે છે જે લાંબે ગાળે અશાંતિ તરફ દોરી જાય છે.

**સંદર્ભઃ**


(1) 'Equality and Inequality: Theory and Practice', Ed. by Andre Beteille, Oxford University Press-1983.

(2) 'Inequality Among Men', - Andre Beteille, Basil Blackwell-1977.

(3) 'The Ineuality Predicament', United Nations Publlication, Academic Foundation-2005.

(4) 'Equity and Development', World Development Report-2006, World Bank.



## વાચકોને વિનંતી

**'વિચાર'ના વાચકોની યાદીને અદ્યતન બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે તેથી 'વિચાર'ના વાચકોને નમ્ર વિનંતી કે તેઓ તેમના નામ, સરનામું, ફોન નંબર, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી., વેબસાઈટ વગેરેની છેલ્લામાં છેલ્લી વિગતો 'ઉન્નતિ'ના સરનામે મોકલી આપે.**

# લઘુ ધિરાણથી આજીવિકા ધિરાણ

**શ્રી વિજય મહાજન** આ લેખમાં જણાવે છે કે લઘુ ધિરાણ પોતે જ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપી શકે એમ કહી શકાય તેમ નથી. વાસ્તવમાં, લઘુ ધિરાણ ગરીબી નિવારણ માટે પણ ભાગ્યે જ પર્યાપ્ત સાધન છે. આર્થિક વૃદ્ધિનો હેતુ સર કરવા માટે તો વધુ મોટા પ્રમાણમાં સંસાધનની ફાળવણી સાથે આજીવિકા ધિરાણના નવા માળખાની જરૂર છે એમ આ લેખમાં જણાવવામાં આવ્યું છે. આ લેખનો સારાનુવાદ 'પર્યાવરણીય વિકાસ'ના શ્રી તુષારભાઈ પંચોલીએ કર્યો છે.

**પ્રસ્તાવના**

૧૯૭૬માં મહંમદ યુનુસે ગ્રામીણ બેંકની રચના કરી ચિત્તાગોંગ યુનિવર્સિટી કેમ્પસની નજીકના વિસ્તારમાં એક પ્રયોગ આદર્યો. તેમાં લઘુ ધિરાણનો પાયો જોઈ શકાય. જેવી રીતે શ્રી. એમ.એસ. સ્વામિનાથન ભારતના હરિયાળી ક્રાંતિના પિતા ગણાય છે તેવી જ રીતે શ્રી યુનુસ પણ લઘુ ધિરાણના જનક ગણાય છે. બંને પ્રયોગો દ્વારા લાખો લોકો, ખાસ કરીને ગ્રામીણ ગરીબ કુટુંબોને, મોટો લાભ થયો છે.

જો કે, લઘુ ધિરાણની ચળવળ હરિયાળી ક્રાંતિના એક કે બે દશકા બાદ અસ્તિત્વમાં આવી હોવાથી તે ગરીબી તથા લિંગભેદ જેવા મુદ્દે વધુ સંવેદનશીલ હતી. તેથી પ્રક્રિયાના કેન્દ્રમાં ભલે અતિગરીબ નહીં પણ ગરીબ અને તેમાંય મહિલાઓ હતી. લઘુ ધિરાણ દ્વારા જમીનવિહોણા પર વધુ ધ્યાન આપી એવી પણ ખાતરી કરવામાં આવી કે કૃષિ સિવાયના અન્ય વ્યવસાયોમાંથી પણ તેઓ રોજગારી મેળવી શકે.

ચાલુ વર્ષ 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા લઘુ ધિરાણ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. લઘુ ધિરાણ આજે એ ઊંચાઈએ પહોંચ્યું કે તેને 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે ત્યારે છેલ્લાં ૨૦ વર્ષથી આ ક્ષેત્રમાં કામ કરનારાઓને ખૂબ જ આશ્ચર્ય થયું છે. આની શરૂઆત ૧૯૯૭ના ફેબ્રુઆરીમાં વોશિંગ્ટન ડીસીમાં યોજાયેલી લઘુ ધિરાણની શિખર પરિષદ દ્વારા થઈ.

આ આયોજનનો હેતુ દુનિયાના અતિ ગરીબ એવાં ૧૦ કરોડ કુટુંબો અને ખાસ કરીને મહિલાઓ સુધી ૨૦૦૫ સુધીમાં તેમને સ્વ-રોજગારી તથા અન્ય નાણાંકીય અને વ્યાવસાયિક સેવાઓ માટે ધિરાણ પૂરું પાડવા માટે વિશ્વ સ્તરની ચળવળ શરૂ કરવાનો હતો.

**૧૯૯૭ની લઘુ ધિરાણ શિખર બેઠક**

૧૯૯૭ની શિખર બેઠકમાં મહાનુભાવોની હાજરી દર્શાવતી હતી કે લઘુ ધિરાણને બહોળો ટેકો મળી રહ્યો હતો. જેમ કે હિલેરી ક્લિન્ટનના ભાષણ પરથી એ સ્પષ્ટ થતું હતું કે તેઓ આ ક્ષેત્ર સાથે સંકળાયેલાં હતાં અને વિકાસશીલ દેશોની અનેક લઘુ ધિરાણની સંસ્થાઓની મુલાકાત તેમણે લીધી હતી. જો કે, કેટલાક માટે તો ચાલુ ગાડીએ ચઢવા જેવું હતું અને ભાગ્યે જ કોઈએ લઘુ ધિરાણની મર્યાદાઓ અંગે પ્રશ્નો કર્યા. આ બેઠકમાં હાજરી આપ્યા બાદ મેં 'શું લઘુ ધિરાણ ગરીબી નિવારણનો ઉત્તર બની શકાશે?' નામનો લેખ લખ્યો હતો. મારો જવાબ સ્પષ્ટપણે તો ના હતો.

આ શિખર પરિષદ પછી આખા વિશ્વમાં લઘુ ધિરાણ એક ફેશન બની ગયું અને જાણે તે દુનિયાની ગરીબી હટાવવા માટે જાદુની છડી હોય તેમ તેના નામ અનેક દાવાઓ થવા માંડયા. તેના પ્રત્યુત્તરમાં 'વોલ સ્ટ્રીટ જર્નલ'થી માંડીને જોનાથન મોર્ડક નામના અભ્યાસુ સંશોધકે આ દાવાઓને પડકાર્યા અને દર્શાવ્યું કે લક્ષિત કુટુંબો પર લઘુ ધિરાણની જે અસર દર્શાવવામાં આવી છે તે વધુ પડતી છે.

સવાલ એ છે કે શું લઘુ ધિરાણ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે? ચાલો, આપણે આર્થિક વિકાસ અને લઘુ ધિરાણ વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયત્ન કરીએ. મેં આ ક્ષેત્રમાં ૨૦ વર્ષ ગાળ્યાં હતાં. તેના દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરી રહ્યો છું. પરંતુ લઘુ ધિરાણ અને આર્થિક વિકાસની વાત પર આવતાં પહેલાં ૧૯૯૭માં જેને લઘુ ધિરાણની રણનીતિ બનાવવાની મર્યાદાઓ કહેતો હતો તેના વિશે સમજીએ.

**લઘુ ધિરાણની મર્યાદાઓ– પાંચ ભૂલભરેલી ધારણાઓ**

**૧. લઘુ ધિરાણ એ ગરીબોને જરૂરી એવી મુખ્ય આર્થિક સેવા છે.** ગરીબો પોતે ઉધાર ધિરાણ લે તેના કરતાં પોતે બચત કરે તેવું ઈચ્છે છે અને તેની જરૂર પણ સમજે છે. તેઓ જોખમ સામે વીમા દ્વારા રક્ષણ મેળવવા પણ ઝંખે છે. જો કે, સામાન્ય રીતે બચત અને વીમા જેવી આર્થિક સેવાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. બચત કરવી ખૂબ જ જરૂરી છે. કારણ કે બચત નાની અને અચાનક ઊભી થતી મુશ્કેલીઓ માટે સ્વવીમા (રક્ષણ)નું કાર્ય કરે છે. જેમ કે, કુટુંબમાં બીમારીના સમયે નાણાંની જરૂરિયાત, ધિરાણ મેળવવા

માટેનો આધાર, લીધેલી લોન ભરપાઈ કરવા માટે આવા સમયે બચત તેમને ઉપયોગી બને છે. ભારતમાં 'સેવા બેંક'ના અનુભવ બતાવે છે કે મહિલાઓ પોતાની બચત સુરક્ષિત જગ્યાએ રહે તેમ ઈચ્છે છે.

તેમની રોજગારી અને અસુરક્ષિતતા ધ્યાનમાં લેતાં વીમો એ ગરીબોને જરૂરી એવી વધુ એક આર્થિક સેવા છે. અહીં આપણે ફક્ત જીવન વીમાની વાત નથી કરતા, પણ પાક વીમા તથા આવકનાં સાધનો જેવાં કે પશુઓ અને સિંચાઈના પંપ વગેરેનો તેમાં સમાવેશ થાય. કેટલાંક કામદાર જૂથો જેવાં કે દરિયાના માછીમારો, ખાણિયાઓ વગેરે માટે જીવન વીમો અગત્યનો છે.

ગરીબ કુટુંબોના મોટા ભાગમાંથી કુટુંબના એક કે બે સભ્યો રોજગારીની શોધમાં વર્ષનો અમુક સમયગાળો કે ઘણાં વરસો આખું કુટુંબ સ્થળાંતર કરતા હોય છે. આ સમયગાળા દરમ્યાન કામના સ્થળેથી કમાઈને આવક કુટુંબને મોકલવી એ પણ એક મોટી જરૂરિયાત છે. આમ, ફક્ત લઘુ ધિરાણ પર જ ધ્યાન કેન્દ્રિત કરીને લઘુ બચત, વીમા અને કમાણીને કુટુંબને મોકલવાની વ્યવસ્થાની અવગણના કરવી એ લઘુ દૃષ્ટિ ગણાશે.

**૨. લઘુ ધિરાણ આપોઆપ સફળ વ્યવસાયમાં ફેરવાઈ જશેઃ**

અહીં બે વિચારધારાના દ્વંદ્વ સ્પષ્ટ તરી આવે છે. એક કે જેમાં માત્ર લઘુ ધિરાણ આપવાની રણનીતિમાં માનનારાઓ અને બીજું, લઘુ ઉદ્યોગને સંકલિત દૃષ્ટિકોણથી પ્રોત્સાહિત કરનારાઓ. આ બન્ને વિચારધારાઓ વચ્ચે ચાલતા વિવાદમાં કેટલાકનું માનવું છે કે લઘુ ઉદ્યોગ માટે કોઈ એક સાચી પદ્ધતિ નથી. લઘુ ઉદ્યોગના પ્રોત્સાહન માટે પરિસ્થિતિનું વિશ્લેષણ અને માગણી મુજબનું આયોજન હોવું ખૂબ જ જરૂરી છે.

લઘુ ધિરાણ એ લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે તે પૂરતું નથી. અન્ય ઘણા ટેકાની જરૂર છે જેમ કે, આ માટે રોજગારીની તકોને ઓળખવી. લઘુ ઉદ્યોગકારને ઓળખવા અને તેમને તૈયાર કરવા, ઉદ્યોગ અને ટેકનિકલ તાલીમ પૂરી પાડવો, કાચા માલની ખરીદી અને ઉત્પાદનના વેચાણ માટે બજાર સાથે જોડાણ કરવું, સામૂહિક માળાખાગત સુવિધા ઊભી કરવી, દરખાસ્ત પસંદગી માટેના નિયમો બનાવવા વગેરે પણ જરૂરી છે.

આ બધાની ગેરહજારીમાં લઘુ ધિરાણ અમુક ચોક્કસ પ્રવૃત્તિઓને જ સહાય કરી શકે છે- જેવી કે નાની ખેતી, પશુપાલન અને લે-વેચ અને જ્યાં બજાર સાથેનું જોડાણ અસ્તિત્વમાં છે. લઘુ ધિરાણની શિખર બેઠકમાં ઘોષણાના અંતિમ દસ્તાવેજમાં આ ધારણાનો કહેવા પૂરતો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને ધિરાણ શબ્દની સાથે "અન્ય આર્થિક અને ધંધાકીય સહાય" શબ્દો પણ ઉમેરવામાં આવ્યા હતા.

**૩. દરેક અતિ ગરીબને સ્વરોજગાર કરવાની ઈચ્છા હોય છે અને તેમને લઘુ ધિરાણ દ્વારા મદદ કરી શકાય છેઃ**

લઘુ ધિરાણને ગરીબી નિવારણની રણનીતિ ગણનારાઓમાંના મોટા ભાગના એમ માને છે કે ગરીબોને સ્વરોજગાર કરવો પસંદ છે. એ વાત સાચી છે કે કેટલાક ગરીબો નાની ખેતી, પશુપાલન, પ્રોસેસિંગ, ઉત્પાદન કે વ્યાપાર કરે છે. પરંતુ સામાન્ય રીતે તે તેને પોતાની મજૂરીથી થતી આવકની સાથે પૂરક આવક તરીકે ગણે છે. મોટા ભાગના ગરીબો-ખાસ કરીને અતિ ગરીબો (જેમ કે જમીન વિહોણા મજૂરો) - પોતાને ખેતી કે અન્ય બિન-ખેતી વ્યવસાયમાંથી નિયમિત રોજી મળી રહે તેમ ઈચ્છે છે.

આ ઉપરાંત, એવા કેટલાય દાખલા છે કે જે એમ દર્શાવે છે કે અન્ય પ્રક્રિયાની જેમ લઘુ ધિરાણ પણ ગરીબોને ઓછું ઉપયોગી થાય છે. ડેવીડ હલ્મ અને પોલ મોઝલી તેમના અહેવાલમાં લખે છે કે લઘુ ધિરાણથી આવકમાં થતો વધારો કયો ધંધો કરવામાં આવ્યો અને કેટલી મૂડીથી, તેના પર આધાર રાખે છે અને તેને ધિરાણ લેનારની આવકના સ્તરનો સીધો સંબંધ છે.

ધંધો શરૂ કરનાર જેમ વધુ ગરીબ હોય તેમ લોનની અસર વધુ ઓછી થાય છે. દુનિયાની વિષમતા સાથે આપણે જીવી શકીએ પરંતુ સૌથી ચોંકાવનારી બાબત અને તારણો દર્શાવે છે કે લઘુ ધિરાણ મેળવ્યા બાદ મોટા ભાગનાં ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની આવકમાં વધારો થયો નથી. જરૂર છે લઘુ ધિરાણને ગરીબીના નિવારણના ઉકેલ તરીકે માનનારાઓને રોકવાની કારણ કે આમ કરવાથી આ રીતે લઘુ ધિરાણ આપવાથી ગરીબોનો ઉધ્ધાર થવાને બદલે તેમને નુકસાન પહોંચે છે.

**૪. ગરીબીની રેખાથી સહેજ ઉપર હોય તેવાઓને લઘુ ધિરાણની જરૂર પડતી નથી અને તેઓ લક્ષિત જૂથ નથી તેથી તેમને લઘુ ધિરાણ આપવું એ દુર્વ્યય છેઃ**

ગ્રામીણ બેંક જેવા લઘુ ધિરાણના કાર્યક્રમો તથા તેના અનુગામી એવા અન્ય કાર્યક્રમોના મોટા ભાગના સહભાગીઓ ગરીબો અને તેમાં પણ જમીનવિહોણી મહિલાઓ છે પરંતુ ભારતના સ્વસહાય જૂથ અને બેંક જોડાણ અને અન્ય ઘણા લઘુ ધિરાણ કાર્યક્રમોમાં આવું નથી. મોટા ભાગના લઘુ ધિરાણ કાર્યક્રમો ગરીબોમાં પણ ઉપલાં સ્તરો સુધી

પહોંચે છે અને કેટલાક ગરીબી રેખાથી ઉપરનાઓને પહોંચે છે. પરંતુ લઘુ ધિરાણ કાર્યક્રમની બચત અતિગરીબ નહીં તોય ગરીબ સુધી પહોંચવાનું તો હતી જ તેથી આ હકીકતને માન્યતા મળતી નથી. છતાં પણ ગરીબીની રેખાથી થોડાક ઉપર હોય તેવાં ગરીબ કુટુંબો માટે તેમના વ્યવસાયમાંથી રોજી ઊભી કરી શકતાં હોવા છતાં તેમને ધિરાણ આપવું યોગ્ય ગણવામાં આવતું નથી.

જો આવાં કુટુંબોને ધિરાણ અપાય તો લઘુ ધિરાણ પૂરું પાડવાની વ્યવસ્થાથી બહુ લોકો સુધી પહોંચ વધે અને તેથી તેને થતું ખર્ચ ઘટી શકે. આમ ગરીબીની રેખાથી થોડાક ઉપરનાં કુટુંબોને ધિરાણ આપવું એ દુર્વ્યય છે તેમ માનવું ખોટી માન્યતા છે.

**૫. બધી સંસ્થાઓ આર્થિક રીતે સ્વાવલંબી બની શકે:**

આપણે આર્થિક ટકાઉપણાના પ્રયત્નોને સ્વાભાવિક રીતે જ ટેકો આપીએ તો પણ આ બધી જ લઘુ ધિરાણની સંસ્થાઓ માટે શક્ય બનશે કે કેમ તે વિશે ફેરવિચારણા કરવી જોઈએ. શ્રેષ્ઠ ઉદાહરણોને પણ આ પ્રાપ્ત કરવામાં ઘણો સમય લાગ્યો હતો. દા.ત. ગ્રામીણ બેંક. બાંગ્લાદેશમાં તેને સ્વાવલંબન તરફ જવા માટે ૨૦ વર્ષ લાગ્યાં. અથવા પ્રોડેમ જે પહેલાં બાન્કોસોલ હતું તે પણ પોતાના સ્વૈચ્છિક સંસ્થા તરીકેના અવતારને (આ પહેલાં તેમને પણ ઘણી શરૂઆતની સબસિડીની જરૂર પડી હતી.) બદલ્યા પછી સ્વાવલંબન હાંસલ કરી શક્યું.

ભારતનો સ્વસહાય જૂથ કાર્યક્રમ બાહ્ય સહયોગથી આગળ વધી શક્યો છે. તેમાં એક વખત જૂથ બનાવવાનો અને તેને ટેકો આપવાનો ખર્ચ સામેલ હોય પરંતુ તેમાં પણ સ્વસહાય જૂથને મળતી લોન પરના વ્યાજનો દર ઘટાડવાના રાજકીય દબાણના કારણે મોટા ભાગના કાર્યક્રમોમાં આ માટે અન્ય ખર્ચ ઘટ્યો નથી.

તાજેતરમાં સીજીએપી દ્વારા થયેલો એક અભ્યાસ દર્શાવે છે કે વિશ્વ આખાની ૧૦ હજાર જેટલી લઘુ ધિરાણ સંસ્થાઓમાંથી ૧૦૦ જેટલી સંસ્થાઓ આર્થિક રીતે સ્વાવલંબી બની શકી છે. આમ લઘુ ધિરાણ અતિગરીબને મદદરૂપ થશે અને તે આર્થિક રીતે ટકાઉ બનશે તેવાં બેવડાં વચનો હકીકતમાં શક્ય નથી. અનુભવ કહે છે કે આ એકબીજાથી વિપરીત હેતુમાંથી કોઈ એક જ હેતુ સર થઈ શકે, બન્ને હેતુ એકીસાથે સિદ્ધ શકે નહીં.

## લઘુ ધિરાણ પૂરતું છે તેવી માન્યતાનાં ભયચિહ્નો

ભારતે છેલ્લા દશકામાં લઘુ ધિરાણની પ્રવૃત્તિમાં મોટો વિકાસ કર્યો છે. 'માયરાડા', 'પ્રદાન', 'ધાન' જેવી સંસ્થાઓની કામગીરીના આધારે નાબાર્ડ બેંકે સ્વસહાય જૂથોના બેંક જોડાણ કાર્યક્રમને વિશ્વનો સૌથી મોટો લઘુ ધિરાણ કાર્યક્રમ બનાવ્યો છે. તે હેઠળ લગભગ ૨.૫ કરોડ ગરીબ મહિલાઓએ કુલ રૂ. ૬૮૦૦ કરોડની લોન બેંકો પાસેથી મેળવી છે. આ સિદ્ધિ બદલ નાબાર્ડ બેંક તથા લઘુ ધિરાણની સંસ્થાઓ ગર્વ લઈ શકે તેમ છે.

પરંતુ આપણે તે ન ભૂલવું જોઈએ કે આ લોન સરેરાશ રૂ. ૨૦૦૦ જેટલી જ થાય છે. ગરીબીને ઘટાડવા માટે તે પણ પૂરતી નથી. તો પછી ગરીબીને દૂર કરવાની તો વાત જ ન થાય. ઘણાં ગરીબ રાજ્યોમાં તો સ્વસહાય જૂથોને બેંકોમાં ખાતાં ખોલાવવાનાં પણ ફાંફાં પડે છે ત્યાં લોનની તો વાત જ શું કરવી. અને બીજાં રાજ્યો કે જ્યાં મોટા પાયે લોન આપવામાં આવી છે ત્યાં રાજકીય પક્ષો આ નવી વોટ બેંકનો લાભ લેવા માટે લોનના વ્યાજ તથા તેનાં માળખાં સાથે ચેડાં કરી રહ્યા છે. આથી મોટો ભય એ છે કે લઘુ ધિરાણનો મુખ્ય હેતુ માર્યો જશે અને બેંકો પણ તેમની જવાબદારીમાંથી છટકી જશે.

બીજો મોટો ભય એ છે કે લઘુ ધિરાણને વધુ પડતું મહત્ત્વ આપવાથી સરકાર ગરીબી નિવારણના બીજા કાર્યક્રમોને નાણાં ફાળવવાનું ઓછું કરી દેશે અને વધુ સરળ એવા પ્રાથમિક આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણનાં કામો પરથી ધ્યાન દૂર જશે. એમાં કોઈ શંકા નથી કે આ કાર્યક્રમોને હજુ પણ વધુ અસરકારક અને ઓછા ખર્ચાળ બનાવવાની જરૂર છે. પરંતુ તેની જગ્યાએ લઘુ ધિરાણના કાર્યક્રમ લાવવાનું પગલું તો ગરીબો માટે બમણી આફત લાવશે.

આમ, અહીં ગરીબી નિવારણ અને સામાજિક કાર્યક્રમો માટેના ફંડમાં ઘટાડા થવાનો ભય રહેલો છે. રૂ. ૬૮૦૦ કરોડ જેટલી લોન સ્વસહાય જૂથોને આપવામાં આવી છે તેમ દાવો કરીને સરકાર અને રાજકારણીઓ આપણું ધ્યાન પોષણ, પ્રાથમિક આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં પૂરતાં નાણાં ફાળવવામાં આવતાં નથી તે બાબતથી દૂર ખેંચે છે. આપણે અગિયારમા નાણાં પંચને અભિનંદન આપવાં જોઈએ કે તેણે આ બાબતો પ્રત્યે ધ્યાન દોર્યું અને તેના માટે વધુ સંસાધનો ફાળવવામાં આવ્યાં.

લઘુ ધિરાણ ગરીબી નિવારણ તથા આર્થિક વિકાસનું માધ્યમ બને તે માટે શું કરવું જોઈએ? લઘુ ધિરાણની અસરો અંગે 'બેઝિક્સ' નામની એક સ્વૈચ્છિક સંસ્થામાં કરેલા અભ્યાસનાં તારણો પરથી જાણવા મળ્યું કે આ કાર્યક્રમના ત્રણ વર્ષના લાભાર્થીઓમાંથી ૫૨ ટકાની આવકમાં જ વધારો નોંધાયો હતો જ્યારે ૨૩ ટકાની આવકમાં કોઈ ફેરફાર થયો નહોતો અને ૨૫ ટકાની આવકમાં તો ઘટાડો નોંધાયો હતો. આનાં શું કારણો હતાં? એમનાં તારણો હતાં કે,

(૧) ખતરા માટેનું આયોજન નહોતું.
(૨) ખેતી અને પશુપાલનમાં ઓછું ઉત્પાદન, અને
(૩) બજારમાં ખરીદ-વેચાણમાં સારો ભાવ મેળવવામાં નિષ્ફળતા.

આ અભ્યાસના આધારે 'બેઝિક્સ' દ્વારા પોતાની રણનીતિમાં પરિવર્તન કરાયું અને લઘુ ધિરાણની સાથે સાથે જીવન, આરોગ્ય, પાક અને પશુને લગતા વીમા કવચ પણ પૂરા પાડવામાં આવ્યા. વધારે ઉત્પાદન મેળવવા માટે ખેતી અને ધંધાના વિકાસ માટે લાભાર્થીઓને અનેક સેવાઓ આપવામાં આવી. સારો ભાવ મળી રહે તે માટે ખરીદ-વેચાણના બજારમાં વૈકલ્પિક જોડાણો વિકસાવવામાં આવ્યાં. મોટા ભાગના ઉત્પાદકોને મંડળી કે જૂથો બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તે માટે સંસ્થાકીય વિકાસ માટે સહયોગ પૂરો પાડવામાં આવે છે કે જેથી તેઓ વધારે અસરકારક બની શકે.

જ્યારે લઘુ ધિરાણ રોજગારીના મુદ્દાને ફક્ત સ્પર્શ જ કરે છે ત્યારે આપણે લઘુ ધિરાણના મોડેલને વધુ વિશાળ અર્થમાં જોઈને તેને રોજગારી માટે ધિરાણની દૃષ્ટિએ જોવાની જરૂર છે. પહેલાં હું આની વ્યાખ્યા કરીશ. રોજગારી માટેની આર્થિક વ્યવસ્થા એ ગરીબોને ટકાઉ રોજગારી પૂરી પાડવા માટેનો એક વિશાળ અભિગમ છે.

**૧. આર્થિક સહયોગોઃ**

(અ) બચત.
(બ) ખેતી, પશુપાલન, પાણી, વૃક્ષો, ઊર્જા વગેરે માટે ટૂંકા અને લાંબા સમયનું ધિરાણ.
(ક) ગરીબોના જીવન તથા રોજગારી માટે વીમો કે જેમાં આરોગ્ય પાક અને પશુપાલનનો સમાવેશ થાય છે.
(ડ) જરૂર મુજબની માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તાઓ, વીજળી, બજારની જગ્યા અને ટેલિફોન, અને
(ઈ) માનવ વિકાસ કે જેમાં પોષણ, આરોગ્ય, શિક્ષણ, પશુપાલન જેવી આજીવિકાલક્ષી તાલીમનો સમાવેશ થાય છે.

**૨. ખેતી અને ધંધાકીય વિકાસની સેવાઓઃ**

(અ) ઉત્પાદનમાં વધારો.
(બ) વીમા સિવાયની પદ્ધતિઓ દ્વારા ખતરામાં ઘટાડો. જેમ કે, પશુને રસી આપવી.
(ક) સ્થાનિક રીતે ગુણવત્તામાં વધારો.
(ડ) બજાર સાથે વૈકલ્પિક જોડાણ.

**૩. સંસ્થાકીય વિકાસની સેવાઓઃ**

(અ) સ્વ સહાય જૂથો, પાણી ઉપભોક્તા સંઘ, જંગલ સંરક્ષણ સમિતિઓ, ધિરાણ સંઘો, પંચાયતો વગેરેનું ગઠન કરવું તથા તેમને સક્ષમ બનાવવાં.
(બ) હિસાબો રાખવા, કામગીરીની ચકાસણી, પ્રોત્સાહન, માહિતી મેળવવા માટે પદ્ધતિઓ વિકસાવવી.

ઉપરના સંદર્ભમાં ગરીબી નિવારણ અને રોજગારીને પ્રોત્સાહન આપવામાં લઘુ ધિરાણ ખાસ અસરકારક દેખાતું નથી. લઘુ ધિરાણની વ્યાખ્યા જોઈએ તો તેમાં એક જ સંદર્ભ છે કે જેમાં નાનું ધિરાણ ઓછા સમય માટે અપાય અને ધિરાણની રકમ વહેલામાં વહેલી તકે પાછી મેળવવાનો તેમાં સમાવેશ થાય છે.

વધુમાં, સ્વસહાય જૂથો દ્વારા અપાય કે ગ્રામીણ બેંકની પદ્ધતિથી અપાય કે સામૂહિક જવાબદારીવાળાં જૂથો દ્વારા અપાય કે વ્યક્તિગત રીતે અપાય તો પણ લઘુ ધિરાણ છેવટે તો એક વ્યક્તિગત ધિરાણ જ છે. તેની સામે રોજગારીના ધિરાણમાં વધારે મોટું ભંડોળ જોઈશે. અને તે ફક્ત ધિરાણ કરતાં તો વધારે જ હશે અને ખાસ તો તે લાંબા સમય માટે, ઓછામાં ઓછાં ૫ વર્ષ અને કદાચ ૨૦ વર્ષ માટે પણ હોઈ શકે અને તે હંમેશાં સામૂહિક ઉપયોગ માટે હશે. આમ, લઘુ ધિરાણ અને રોજગારીનું ધિરાણ એ બંનેમાં પાયાનો તફાવત છે.

## એક ઉદાહરણ

આ તફાવત સમજવા આપણે મધ્ય પ્રદેશના મંડલા જિલ્લાના બિજડાડી તાલુકાના રોઝકુંડ ગામનો એક દાખલો લઈએ. આ વિસ્તાર સમગ્ર દેશમાં કાન્હા વાઘ અભ્યારણ્ય માટે જાણીતું છે. ગામ પાકા રસ્તાથી ૧૬ કિમી. અંદર આવેલું છે. જિલ્લામાં ગીચ જંગલો હતાં કે જે હવે રહેણાક વિસ્તારો પાસે પાંખાં થયાં છે. વરસાદ પણ આશરે ૫૦ ઈંચ જેટલો પડે છે. જમીન પણ સારી છે. અહીં મુખ્ય ગોંડ જાતિના આદિવાસીઓની વસ્તી છે કે જે સદીઓથી જંગલો પર નભતા આવ્યા છે.

અનોખેલાલ ગોંડ આ ગામના રહેવાસી છે કે જેની પાસે ૩ એકર ખેતીલાયક જમીન છે અને બીજી ૨ એકર જમીન ટેકરીના ઢોળાવ પર છે. તેની પાસે ૨૦ ઢોર છે કે જેમાં ૧ ભેંસ, ૨ ગાય, એક જોડ બળદ અને એક ડઝન બકરી છે. તે પરણિત છે, તેને ૩ બાળકો છે અને તેની મા તેની સાથે રહે છે. અનોખેલાલને પોતાની જમીનમાંથી ખાસ આવક થતી નથી તેથી તે પોતાના ગામથી ૧૦૦ કિમી. દૂર જબલપુર મજૂરી કરવા જાય છે.

અહીં તે દર વર્ષે ૬ મહિના જેવું રોકાય છે. તેની પત્ની પણ તેની સાથે જાય છે. પણ તે દર ૧૫ દિવસે ગામ જાય છે અને બાળકો તથા

ઢોરની સંભાળ રાખે છે. આ બધું ભેગું કરીએ તો, અનોખેલાલની વાર્ષિક આવક રૂ. ૧૫,૦૦૦ જેટલી થાય છે. આમ, અનોખેલાલ અને તેમનો પરિવાર ગરીબીની રેખાની નીચે જીવે છે તેમ કહી શકાય.

પહેલી નજરે તો અનોખેલાલ લઘુ ધિરાણ આપવા માટે યોગ્ય વ્યક્તિ ગણી શકાય. પરંતુ મારું માનવું છે કે લઘુ ધિરાણથી તેને ખાસ લાભ થશે નહીં. અને છતાં અનુભવ કરવો હોય તો આપણે તેને તેની પત્ની જે સ્વસહાય જૂથની સભ્ય છે તેમાંથી તેને લઘુ ધિરાણ અપાવીને જોઈએ. તે દોઢ વર્ષ પછી બેંક લોન મેળવવાને લાયક બને છે ત્યારે મહિને ૨૦ રૂપિયા લેખે તેની બચત ૩૬૦ રૂપિયા થાય અને તેની સામે તેને બેંકમાંથી ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયાની લોન મળે. આ લોનથી અનોખેલાલ અને તેની પત્ની શું કરશે?

- તેઓ પોતાની જમીન સરખી કરશે? તે ન કરી શકે, તે માટે તેને ૩૦૦૦થી ૪૦૦૦ રૂપિયા જોઈએ.
- તેને પાણી માટે કૂવો ખોદવો પડે. કૂવો ખોદવા તેને રૂ. ૨૦,૦૦૦ જોઈએ. અને વળી જો સુકાઈ ગયો હોય તો વોટરશેડનાં કામ પણ કરવાં પડે.
- નજીકના નાળામાંથી પાણી ખેંચવા માટે ડીઝલ પંપ કે પાઈપ ન ખરીદી શકે કેમ કે તેના ૧૫૦૦૦ રૂપિયા લાગે અને નાળું પણ સુકાયું હોય તો પાછી વોટરશેડનાં કામ કરવાં પડે.
- તેઓ ભેંસ ન ખરીદી શકે કેમ કે તેના માટે રૂ. ૯૦૦૦ જોઈએ. અને તે પણ જો વીમા વગર હોય તો મોટો ભય રહે છે. એક વાર ભેંસ લીધા પછી તેને ચારો આપો, ખાણદાણ આપો, દવા કરાવો અને તેનું દૂધ વેચવું પણ જરૂરી હોય છે.
- જે ટેકરીના ઢોળાવ પર તેમની જમીન છે તેનાં પર વૃક્ષો ન વાવી શકે, તેના માટે તેને ૫૦૦૦ રૂપિયા લાગે અને આ વૃક્ષોને દર વર્ષે ચરાણથી બચાવવાં પડે.
- તે પોતાના ગામ સુધી રસ્તો કે પોતાના ખેતર સુધી લાઈટ પણ ન લઈ શકે કેમ કે તેનો વ્યક્તિ દીઠ ખર્ચ રૂ. ૧૫૦૦૦થી ૩૦૦૦ રૂ. જેટલો થાય છે.
- તેઓને પોતાની મોટી દીકરીને શિક્ષક બનાવવી હોય તો તેને આગળ ભણવા માટે રૂ. ૧૨,૦૦૦ રૂપિયા જોઈએ.

ઉપરનાં તમામ કામોમાંથી વિશ્વ બેંક અને નાબાર્ડના અભ્યાસમાં દર્શાવ્યા મુજબના ૨૫થી ૩૦ ટકા જેટલી હકારાત્મક આવકની શક્યતાઓ રહેલી છે. પરંતુ આ બધાને માટે લાંબા ગાળાના મોટી રકમના અને કેટલાંક વર્ષ સુધી નાણાં પરત ન મળવાની શરતોના આધારે ધિરાણની જરૂર પડે. નાણાં પરત ફક્ત લાંબા સમયે જ મળે તેવું નથી પરંતુ તે અનેક અનિશ્ચિતતાઓથી ભરપૂર છે કેમ કે કાર્યક્રમમાં કેટલીક બાબતો એવી છે કે જે ધિરાણ લેનારના નિયંત્રણમાં નથી હોતી. આ હકીકતો નાણાકીય સંસ્થાઓને અનોખેલાલથી દૂર રાખે છે.

છતાં પણ જો નસીબજોગે કોઈ નાણાકીય સંસ્થા અનોખેલાલને ઉપરનાં તમામ કામો માટે લોન આપવા તૈયાર થાય તો પણ તે એકલો કંઈ તેનો ખાસ ઉપયોગ કરી શકે નહીં કેમ કે ઉપરની મોટા ભાગની પ્રવૃત્તિઓ સામૂહિક પ્રયાસો પર આધાર રાખે છે. જો તે પોતાના ખેતરમાં કૂવો ખોદી લે તો પણ તેના કૂવામાં જ્યાંથી પાણી આવે છે તેવી ટેકરીઓ અને ઝરણાંઓમાં પાણી ન હોય તો પાણીનાં તળ નીચાં જશે અને થોડાં વર્ષોમાં કૂવામાં પાણી નહીં રહે.

અને કૂવામાં જો પાણી રહે તો પણ તેને આવક મેળવવા માટે શાકભાજી કે તેના જેવા રોકડિયા પાક ઉગાડવા પડે પરંતુ તે એ વેચશે ક્યાં? તે તો પાકા રસ્તાથી ૧૬ કિમી. દૂર રહે છે. અને પંપ ચલાવવા માટે વીજળીની જરૂર પડે કેમ કે ડીઝલથી પંપ ચલાવવાનું મોંઘું પડે છે. આમ, જો ગામમાં ઉત્પાદન વધારવું હોય તો ફક્ત અનોખેલાલ જ નહીં પરંતુ ગામના મોટા ભાગના ખેડૂતોને તેનો લાભ મળવો જોઈએ. આ માટે જરૂર છે કે તેઓને વિવિધ પ્રકારનાં જૂથોમાં સમાવવામાં આવે- જેમ કે, સ્વસહાય જૂથ, વોટરશેડ જૂથ, જંગલ સંરક્ષણ સમિતિ વગેરે.

આમ હકીકતે તો ૧૫૦૦ રૂપિયાનું લઘુ ધિરાણ તો વધુમાં વધુ તો બીજું કોઈ ધિરાણ ન મળતું હોય તે સંજોગોમાં જ ઉપયોગી થશે. વળી, જ્યારે અનોખેલાલ અને તેની પત્ની કામ કરવા જબલપુર પણ ન જઈ શકે તેવા સંજોગોમાં આ લઘુ ધિરાણ ઉપયોગી ચોક્કસ બને છે.

અનોખેલાલને લઘુ ધિરાણની નહીં પરંતુ રોજગારી માટેનાં નાણાંની જરૂર છે. આથી રોજગારી માટેનાં નાણાંની સંસ્થાની શરૂઆતનાં લઘુ ધિરાણ આપવા માટે નહીં પરંતુ બચતની શરૂઆત કરવા અને એકતાની અનુભુતિ કરાવવા માટે કરવી પડશે. સાથે સાથે ગામમાં ખેડૂત મંડળ, વોટરશેડ સમિતિ, જંગલ સંરક્ષણ સમિતિ, સહકારી

**શેષ પૃષ્ઠ ૨૬ ઉપર**

# નગર આયોજનમાં લોકભાગીદારી - ભચાઉનો અનુભવ

૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ બાદ 'ઉન્નતિ' દ્વારા કચ્છમાં ભચાઉ નગરમાં પુનર્વસનનું કામ હાથ ધરાયું હતું. પુનર્વસન લોકભાગીદારીથી થાય તે માટેના સઘન પ્રયાસો દરમ્યાન થયેલા અનુભવો 'ઉન્નતિ'ના પ્રોગ્રામ મેનેજર **શ્રી ભાનુપ્રસાદ મિસ્ત્રી** દ્વારા અહીં આલેખવામાં આવ્યા છે. પુનર્વસનની પેચીદી પ્રક્રિયાને સમજવામાં અને નવી દિશાઓ ખોલવામાં આ અનુભવો ઉપયોગી થાય તેમ છે.

### પ્રસ્તાવના

ગામ-નગર કે પછી શહેરના વિકાસ માટે નાગરિકો કે નગરજનો સક્રિય બની તે દિશામાં કામ કરતા થાય તે તરફ ભાર અપાઈ રહ્યો છે. સ્વ-શાસનના પરિપ્રેક્ષ્યમાં આ વાત ખૂબ મહત્ત્વની છે. આપણે એ ન ભૂલીએ કે લોકોએ જ ગામો અને નગરો પોતાની આગવી કોઠાસૂઝ અને જરૂરિયાત મુજબ ઊભાં કર્યાં છે. એમાં એમની રહેણી-કરણી, સંસ્કૃતિ તથા આર્થિક અને સામાજિક જરૂરિયાતોનો પણ પૂરતો ખ્યાલ કરવામાં આવેલો હતો.

હવે સક્રિયતાનું વાતાવરણ કેમ બદલાયું? ક્યાં છે એ કોઠાસૂઝ ? ક્યાં છે તેનો આદર કરનારી શાસન વ્યવસ્થા? વિકાસ યોજનામાં લોકભાગીદારીમાં આપણી હાલની રણનીતિ શું છે? નાગરિકોનાં ઈચ્છા, અનુભવ અને અધિકારો સાથે યોજના બનાવનારા અમલદારો કે તજ્જ્ઞો વચ્ચે કોઈ મેળ છે ખરો? અને હોય તો તે સંબંધોનું માળખું કેવું છે? એમાં સરકાર, શાસન, નાગરિક સમાજ કે અન્ય સંગઠનોની ભૂમિકા શું છે? સૌ કોઈ અસરકારક કઈ રીતે બની શકે? જવાબ છેઃ નાગરિક સમાજની ભૂમિકાને ફરી ઉજાગર કરવી પડશે, પણ કઈ રીતે ? ૨૦૦૧ના ગુજરાતના કચ્છના વિનાશક ભૂકંપ પછી મોટા પાયે ગામો તથા શહેરોનું પુનઃવસન થયું. એ અસામાન્ય સ્થિતિના સંદર્ભમાં પુનઃવસન પરત્વે લોકનું જોડાણ ઊભું કરવાનો મોટો પડકાર સૌ સમક્ષ ઊભો થયો.

કચ્છમાં ભચાઉ જેવું નાનું નગર કે જેની વસ્તી ૩૫ હજાર જેટલી છે તેના પુનઃવસનમાં લોકોની સામેલગીરી તથા નાગરિક સમાજની ભૂમિકા અન્વયે ઊભી થયેલી પરિસ્થિતિ, પ્રશ્નો, પરિણામો અને 'ઉન્નતિ'ના અનુભવની વાત અહીં કરવી છે. આ અનુભવો પ્રત્યક્ષ કામમાંથી ઊભા થયેલા છે.

### પુનર્નિર્માણ અને યોજનાઓ

રાહત અને પુનઃ વસનની પેકેજ યોજનાના ભાગરૂપે ગામો તથા નગરોની અલગ યોજનાઓ તૈયાર થઈ. ચારેય નગરોના પુનઃ નિર્માણ માટે વિકાસ યોજના (ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરવા માટે નિષ્ણાતોની વ્યાવસાયિક ધોરણે મદદ લેવામાં આવી. બેથી ત્રણ માસના ગાળામાં જ યોજના તૈયાર કરવા સૂચવ્યું. પ્રશ્ન થાય કે જે નગરોને આ તબકકે પહોંચતાં ૧૫૦થી ૨૦૦ વર્ષ લાગ્યાં હોય તેના પુનઃનિર્માણનો નિર્ણય માત્ર ૭૫ દિવસમાં જ કરવાનો? કઈ રીતે શક્ય બને? એક તરફ આખું નગર ૯૭ ટકા જેટલું નાશ પામેલું, લોકો હજી કળ વાળીને માંડ બેઠા થયેલા ત્યાં પાછા નગર આયોજન પ્રક્રિયામાં જોડાવાનું? સામાન્ય લોકોને લાગતું કે નગર આયોજન એટલે બીજું કંઈ નહીં પણ રસ્તા થોડાક પહોળા થશે, બજારની સાંકડ ઓછી થશે, થોડી દુકાનો કપાશે, બીજું તો શું થાય? નગર આયોજનને વિશેનો તેમનો ખ્યાલ આટલો મર્યાદિત જ હતો.

આપણે એ ન ભૂલીએ કે તમામ નગરજનો માટે પુનઃવસનમાં એક સાથે જોડાવું એ પહેલો અનુભવ હતો, એ પછી આ શહેરનો શ્રીમંત હોય કે શ્રમિક. આ બન્નેનો નગર વિકાસ માટેનો ખ્યાલ, અનુભવ તથા હિત પણ જુદાં. તેમ છતાં તમામ વચ્ચે સમાન સમજ ઊભી કરી ભાગીદારી માટે સહાયભૂત થવું એ નાનો પડકાર ન હતો. કશુંક સમજીએ તે પહેલાં તો વિષય નિષ્ણાત સંસ્થાએ માહિતી એકત્રિત કરવાથી કામની શરૂઆત કરી અને કાચો પ્લાન તૈયાર કર્યો. ભચાઉ ખાતે 'પુનઃવસન સહયોગ કેન્દ્ર' નામે એક ક્ષેત્રીય કાર્યાલય 'ઉન્નતિ' દ્વારા ઊભું કરેલું. ભચાઉ નગર અને આસપાસનાં પસંદ કરેલાં ગામોમાં સામાજિક દેખરેખ કાર્યક્રમ હેઠળ લોકો સાથે રહીને તેમને સ્પર્શતા પુનઃવસનના પ્રશ્નોની યાદી તૈયાર કરી. તેઓને મદદરૂપ થવા રણનીતિ ઘડતા અને તે માટે જરૂરી સંસાધનો ઊભાં કરતા. આને કારણે લોકોની ભૂકંપ પછીની સ્થિતિ, તેમની કામચલાઉ અને લાંબા ગાળાની જરૂરિયાતો, પુનઃવસન અંગે તેમના ખ્યાલો, તૈયારીઓ વિશે અમે ઠીક-ઠીક સમજ પણ કેળવેલી. ભચાઉ નગરને લાગે-વળગે ત્યાં સુધી કેટલાક મુદ્દા સ્પષ્ટ રીતે બહાર આવેલા :

૧) ભચાઉ નગરના મોટા ભાગના લોકો મૂળ સ્થાને જ પુનઃવસન થાય તેમ ઈચ્છે છે, અલબત્ત થોડાઘણા ફેરફારો સાથે તેઓ સંમત હતા.

૨) નિષ્ણાત સંસ્થા દ્વારા લોકો સાથે જરૂરી સંવાદ થતો ન હતો તેથી સામાન્ય લોકોનાં સમજ, ઈચ્છા, અનુભવ કે અધિકારનો અવાજ સંભળાતો નહોતો. ટૂંકમાં, લોકો આખી એ પ્રક્રિયામાં કેન્દ્રમાં ન હતા, થોડાઘણા આગેવાનો સાથે ચર્ચા જરૂર થતી હશે પણ ટકાવારી ઓછી.

૩) ભચાઉ નગરપાલિકાની મુદત પણ પૂરી થયેલી, વહીવટદારનું શાસન ચાલતું. આખુંય તંત્ર રાહતમાં લાગેલું. તાત્કાલિક સેવાઓ સિવાય શાસન વ્યવસ્થાને લગતાં રોજબરોજનાં કામો પણ ચાલતાં ન હતાં.

૪) લોકો હજુ પણ તંબુમાં જ હતા, મોટા ભાગના લોકો આધાર-પુરાવા મેળવવા તથા અકસ્માત વળતરની પ્રક્રિયામાં લાગેલા હતા.

આ એક ખાસ પ્રકારની સ્થિતિ પણ હતી ત્યારે નાગરિક સંવાદ ઊભો કરવો એ મોટો પડકાર જરૂર હતો. નિષ્ણાતોની નગર આયોજનની સમજ અને ભાષા તથા લોકોની સમજ અને ભાષા વચ્ચે તાલમેલ પાડવાનું કામ ખૂબ જરૂરી હતું. 'ઉન્નતિ' એ પોતાની જાણકારી અને સમજ અહીં કામે લગાડી. પણ કોના આમંત્રણથી જોડાવું? કોણ કોને બોલાવે? કઈ રીતે બોલાવે? આપણે જ સંવાદમાં પોતાની જગ્યા ઊભી કરવી પડશે તેવી સ્થિતિ હતી. આ વેરવિખેર સ્થિતિ વચ્ચે લોકો સાથે સંવાદ કરવાનું શરૂ કર્યું. તેને માટે કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો પણ તારવ્યા.

અમારા મતે નગર આયોજન એટલે -

- તેમાં તમામ નગરજનોના વિકાસને સમાન તક આપવામાં આવી હોય,
- એવું આર્થિક રોકણ કે જેને કારણે નબળા વર્ગોની આર્થિક કે સામાજિક સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર લાવી શકાય,
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પુનર્વસનની સમગ્ર પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા હોય,
- વણવિચારેલાં રોકણોને બદલે નિશ્ચિત અને સ્થાનિક પરિદૃશ્યને ધ્યાનમાં રાખીને હેતુપૂર્વકનાં રોકણો થાય,
- લોકો દ્વારા થનાર અને થઈ ગયેલાં રોકાણો ઉપર એટલો જ ભાર આપવામાં આવે તથા તેઓને પણ આ પ્રક્રિયામાં સરખા હિસ્સેદાર તરીકે સ્વીકારવામાં આવે,
- વિકાસ નકશો એ માત્ર એક ખુલ્લી જગ્યાની યોજના ન બને પણ લોકોની સમજદારી અને સામેલગીરી દ્વારા તૈયાર થયેલો એક દસ્તાવેજ હોય કે જેમાં જરૂર પડે ફેરફારને અવકાશ હોવો જોઈએ,
- આ નકશો તૈયાર કરવામાં વિષય નિષ્ણાતોની મદદ જરૂર લેવી જોઈએ પણ તેઓ જ તેના સૂત્રધાર બની જાય તેવું ન બનવું જોઈએ. તેઓ માત્ર યોજના તૈયાર કરવામાં મદદરૂપ થાય પણ સાચા અર્થમાં લોકો જ તેનું અમલીકરણ કરે તે વાત પર ભાર મૂકવામાં આવે,
- નગર આયોજન વિશેના દસ્તાવેજમાં લોકોની આપત્તિ વ્યવસ્થાપન વિશેની સમજ પણ છતી થવી જોઈએ અને તે અનુરૂપ આયોજન થવું જોઈએ,
- નગરના આયોજન કોઈ પણ પ્રકારના રાજકીય હસ્તક્ષેપથી દૂર રાખવું જોઈએ અને માત્ર વિકાસ અને સામેલગીરી ઉપર ભાર આપનારું હોવું જોઈએ,
- વિવિધ હિતધારકો જેમ કે નાગરિકો, સરકાર અને તેના વિવિધ વિભાગો, સ્વૈચ્છિક સંસ્થા, વિકાસ નિષ્ણાતો, સ્થાનિક સંગઠનો તથા નગરપાલિકા વચ્ચે સમન્વય હોવો જોઈએ,
- નગરના આયોજનમાં ત્રણ રણનીતિ ઉપર ભાર આપવો જોઈએ-સમતોલ વિકાસ, આપત્તિ સામેનું આયોજન અને સામાજિક ન્યાય.

આ માર્ગદર્શક સિદ્ધાંતોને શબ્દ સ્વરૂપે આલેખવા સહેલા છે પણ તેમને સફળ બનાવવા એ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે. એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે ટાંચાં સાધનોથી આખીય પ્રક્રિયામાં જોડાયેલા રહેવું અને તટસ્થપણે ભૂમિકા ભજવવી ખૂબ જ અઘરી છે.

## 'ઉન્નતિ'ની ભૂમિકા

ભચાઉના પુનઃવસન માટે ખાનગી સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજના ઉપર તલસ્પર્શી અભ્યાસ કરી તેમાં રહેલી અધૂરપ તથા ખામીઓ અલગ તારવવામાં આવી. નગરના વિવિધ હિતધારકોની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલું. વિવિધ વોર્ડ અને હિતધારકો પોતાના દૃષ્ટિબિંદુથી આ પ્લાનમાં શું સૂચવે છે કે શું માંગે છે તે દર્શાવતું છાયા આયોજન (શેડો પ્લાનિંગ) તૈયાર કરવામાં આવેલું. કેટલાક મૂળભૂત ફેરફારો પણ સૂચવવામાં આવેલા કે જેમનો સ્વીકાર પણ થયેલો.

એક અંદાજ મુજબ ભચાઉ નગરમાં ૨૦૦૫ના અંત સુધીમાં કુલ ૮૦ કરોડ રૂપિયા જેટલી સરકારી રકમ નગર રચના યોજનાના ભાગરૂપે પાંચ કામો પાછળ ખર્ચાવાની હતી. ભચાઉ શહેરના કુલ સાત વોર્ડ છે. તે જોતાં વોર્ડ દીઠ રૂપિયા ૧૧.૫ કરોડ ભાગે આવે. તે માથાદીઠ રૂપિયા વીસ હજાર થવા જાય છે. લોકોએ પોતાના વળતરની રકમ ઉપરાંત બીજું વધારાનું જે રોકાણ કર્યું તેનો અહીં સમાવેશ થતો નથી. આ રકમ કોઈ નાની-સૂની નથી. જો આપણે તેનો યોગ્ય ઉપયોગ કરી-કરાવી શકીએ તો નગરના વિવિધ હિતધારકોની આર્થિક કે સામાજિક સ્થિતિમાં પણ જરૂર ફેરફાર લાવી શકાય. સવાલ છે

આપણે રોકાણને રચનાત્મક દૃષ્ટિકોણ આપીએ અને નગરજનોને સાવધ કરીએ. ચર્ચાને અંતે લોકો કહેતાઃ "આ પ્રકારની મીટિંગોમાં અમે પહેલી વાર ભાગ લીધો. હવે અમને સમજાયું કે નગર આયોજન. એટલે શું? આ નગર અમે ઊભું કરેલું છે, આ નગર અમારું છે, અમે તેને ફરી બેઠું કરવા અમારાથી બનતી કોશિશ કરીશું. જરૂર પડે અમને માર્ગદર્શન આપતા રહેશો, અમે જ્યાં કહેશો ત્યાં રજૂઆત કરવા તૈયાર છીએ." આ કાર્યશાળા એ સાચા અર્થમાં નગરજનોની સંવેદના બહાર લાવવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

આ સફળતાને કારણે 'ઉન્નતિ' અને ભચાઉ એરિયા ડેવલોપમેન્ટ ઓથોરિટી- 'ભાડા' વચ્ચે સંસ્થાકીય સંબધો મજબૂત થયા. 'ભાડા' અને 'ઉન્નતિ'ના સંયુક્ત પ્રયાસથી 'નાગરિક સહયોગ કેન્દ્ર'ની રચના કરવામાં આવી. તેનો પ્રાથમિક ઉદ્દેશ વિવિધ હિતધારકો વચ્ચે સંક્લન ઉપરાંત પુનઃવસનમાં સહયોગ પૂરા પાડવાનું પણ છે.

આ કેન્દ્ર દ્વારા લોકોને સુરક્ષિત મકાન બાંધકામ, મજબૂતીકરણ માટે તથા બીલ્ડિંગ બાયલોઝની જાણકારી મળે તે હેતુ માટે બાંધકામ મંજૂરી મેળાઓ યોજવામાં આવ્યા તથા નબળા વર્ગના લોકો માટે રાહત દરે મકાન મંજૂરી માટે નકશા બનાવી આપવાની સેવાઓ શરૂ કરવામાં આવી હતી. હાલ આ સેવા 'એકલવ્ય ફાઉન્ડેશન' દ્વારા અપાઈ રહી છે.

અસરકર્તા નાગરિકો તથા સત્તામંડળો વચ્ચે જાણકારીની આપ-લે થાય તે હેતુસર દર માસે નિયમિત રીતે 'નગરવાણી' નામે એક સમાચારપત્ર બહાર પાડવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી કુલ ૩૬ અંકો બહાર પાડી ચૂક્યા છીએ. તેમાં નગરજનોના પ્રશ્નો અને પુનઃનિર્માણની સ્થિતિની સમીક્ષા કરી આધારભૂત માહિતી બહાર પાડવામાં આવે છે. આ સમાચાર પત્રિકાની ૨૦૦૦ જેટલી નકલો વિના મૂલ્યે વહેંચવામાં આવે છે. તેનાથી નાગરિકો વચ્ચે ઠીક-ઠીક પ્રમાણમાં માહિતી પ્રસારનું કામ થઈ શક્યું છે.

આ ઉપરાંત, અન્ય ચારેય નગરોની પુનઃનિર્માણની સ્થિતિ ઉપર પણ ધ્યાન રાખવામાં આવે છે. એના અનુભવોમાંથી પણ ભચાઉ નગર માટે શું કરી શકાય, તેમ જ ભચાઉના અનુભવોમાંથી અન્ય નગરોમાં શું થઈ શકે તેની આપ-લે કરવાનું શક્ય બન્યું છે. સૌથી વિશેષ પ્રયત્ન ગરીબ વર્ગના લોકો (દબાણકાર) માટે રહેઠાણની જમીનની કાયદેસરતા મેળવવાને લગતો છે. ભચાઉ શહેરમાં અંદાજિત ૧૫૦૦ જેટલા દબાણકારો હતા કે જેઓ વર્ષોથી ભચાઉમાં વસવાટ કરતા હતા. તેમને ત્રણેય હપતા વળતર સ્વરૂપે મળતાં પહેલાં જમીનની સનદ હોવી જરૂરી બન્યું.

આ કેન્દ્ર દ્વારા આવા દબાણકારોનો વ્યવસ્થિત સર્વે હાથ ધરવામાં આવેલો તથા તેઓને તેમના જૂના વસવાટના સ્થળે ૫૦ ચોરસ મિટર જેટલી જમીન કાયદેસર મળે તે માટે જિલ્લા કલેક્ટર તથા સત્તાધારીઓ સાથે રહીને કામગીરી હાથ ધરવામાં આવેલી. અત્યાર સુધી ૫૦૦ જેટલાં પરિવારો માટે કાયદેસરતાના હુકમો થઈ ચૂક્યા છે અને બીજાની કાર્યવાહી ચાલુ છે. ગરીબ પરિવારો માટે સામાજિક સુરક્ષાનો મોટો કાર્યક્રમ બની રહ્યો તેમ જરૂર કહી શકાય. હક્ક સુરક્ષા અને વિકાસનો ત્રિવેણી સંગમ સફળ થતો લાગે. હાલ 'નાગરિક સહયોગ કેન્દ્ર' નગરની પાયાની સુવિધા વધુ લોકો સુધી પહોંચે તે મુદ્દે કાર્યરત છે.

તાજેતરમાં જૂનાવાડા નામે ઓળખાતા વોર્ડ ખાતે વસતાં ૭૦૦ પરિવારો સાથે મળીને એક નમૂનો ઊભો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આખા વિસ્તારમાં આંતરિક રસ્તા, કોમ્યુનિટી સેન્ટર, પીવાનું પાણી, ગંદા પાણીનો નિકાલ વગેરેનું આયોજન લોકો સાથે મળી કરી રહ્યા છીએ. જૂનાવાડા વિકાસ સમિતિ નામે એક સ્થાનિક સંગઠન ઊભું થયું છે. ભુજની 'હુન્નરશાળા' તથા 'ઉન્નતિ' અને સમુદાયના સંયુક્ત પ્રયાસોથી આ કામગીરી ચાલી રહી છે. અન્ય સંસ્થાઓ પણ બનતો આર્થિક સહકાર અને ટેકો પૂરાં પાડી રહી છે. ગરીબ વસાહત કે જ્યાં રહેણાકની જમીનની કિંમત ખૂબ મોટી છે ત્યાં સ્વેચ્છાએ રસ્તા માટે જગ્યા ફાળવી આપવી તથા સાર્વજનિક સુવિધાઓના અમલીકરણ અને સંભાળની જવાબદારી પણ લોકો લઈ રહ્યા છે. આશા છે કે ધીમે ધીમે અન્ય વિસ્તારોના નગરજનો પણ આમાંથી બોધપાઠ લેશે અને પોતાની જવાબદારી અદા કરશે.

## ઉપસંહાર

પુનઃનિર્માણના તબક્કા પછી વિકાસનો તબક્કો આકાર લઈ રહ્યો છે. હવે ચૂંટાયેલી સમિતિ નગરપાલિકાની જવાબદારી સંભાળી રહી છે. 'ભાડા' કચેરીનું લગભગ પૂરું થવા આવ્યું છે. નગરપાલિકાએ વિશેષ સેવાઓની સંભાળ, તેની દેખરેખ અને કાયમી ખર્ચાને પહોંચી વળવા આવકનાં નવાં માધ્યમો ઊભાં કરવા પડશે. પાલિકાની વહીવટી ક્ષમતા વધે તે માટે નાગરિક સમાજે આગળ આવી ટેકો પૂરો પાડવો પડશે. જ્યારે નગરપાલિકામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ આવ્યા હોય ત્યારે નવા પરિપ્રેક્ષ્યમાં માહિતીના અધિકારના મુદ્દે નાગરિકોની જાણકારી તથા આવડત વિકસાવવા માટે પદ્ધતિસરનું આયોજન હાથ ધરાઈ રહ્યું છે. નગરના પુનઃનિર્માણમાં નાગરિકોની ભાગીદારી અન્વયે આ અનુભવ ખૂબ ઉપયોગી સાબિત થયો. આશા છે કે આ અનુભવમાંથી શીખ મેળવી નાગરિક સામેલગીરીની દિશામાં કશુંક નમૂના રૂપ પ્રદાન કરી શકીશું.

# માહિતીનો અધિકારઃ વ્યવહાર અને વિકાસ

માહિતીના અધિકારનો કાનૂન ઘડાયો અને તેનો અમલ શરૂ થયો. આ કાનૂને લોકશાહીને મજબૂત બનાવવાનું તો કામ કર્યું જ છે પણ સરકારી તંત્રને ઉત્તરદાયી બનાવીને જનવિકાસનાં કામોને પારદર્શી બનાવવાનું અને તેને વેગ આપવાનું કામ પણ કર્યું છે. આ લેખમાં માહિતીના અધિકારના કાનૂનના અમલમાં આવતી મુશ્કેલીઓને દૂર કરવાના પ્રયાસો અને તેનાથી નાગરિકોને થતા લાભો ઉદાહરણો સાથે દર્શાવાયા છે.

### પ્રસ્તાવના

માહિતીનો અધિકાર લોકશાહીમાં પાયાનો અધિકાર છે, કારણ કે રાજકીય પસંદગીઓ માહિતી વિના થી શકે નહીં અને રાજતંત્રમાં પારદર્શિતા આવી શકે નહીં અથવા તેને લોકો પ્રત્યે ઉત્તરદાયી બનાવી શકાય નહીં. ભારતમાં માહિતીના અધિકારનો કાયદો આવ્યો તેથી લોકશાહીને વધુ જીવંત બનાવવાની તકો વધી ગઈ છે. આ કાયદાના અલમને પરિણામે જે કટેલાંક નોંધપાત્ર કિસ્સાઓ બન્યાં છે તેને લીધે એમ લાગે છે કે ભારતની તંત્ર વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારાનો અવકાશ ઊભો થયો છે. ભારતના નાગરિકોએ અને નાગરિક સમાજનાં સંગઠનોએ માહિતીના અધિકારનો ઉપયોગ કરીને અનેક પ્રકારની રાહતો પ્રાપ્ત કરી છે કે જેને સીધી રીતે વિકાસના પ્રશ્નો સાથે સંબંધ છે.

જો કે, સરકાર દ્વારા કે સરકારી અધિકારીઓ દ્વારા ઘણી વાર આ અધિકારના ભોગવટા માટે જ્યારે નાગરિકો પહેલ કરે છે ત્યારે તેમને હતોત્સાહિત કરવા માટેના પ્રયાસો કરવામાં આવે છે. તેથી જ નાગરિકોએ અને નાગરિક સમાજનાં સંગઠનોએ વારંવાર આ પ્રકારના પ્રયાસો કરતા રહેવાની જરૂર છે. અહીં આવા કેટલાક પ્રયાસોની વિગતો આપવામાં આવી છે કે જે અન્ય નાગરિકો અને સંગઠનો માટે પ્રેરણારૂપ બની શકે છે.

## માહિતી અધિકાર ગુજરાત પહેલ

'માહિતી અધિકાર ગુજરાત પહેલ' દ્વારા ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર સમક્ષ એક અરજી માહિતીના અધિકારના અમલની બાબતમાં કરવામાં આવી હતી. આ અરજીના સંદર્ભમાં મુખ્ય માહિતી કમિશનરે એક હુકમ તા.૧૯-૧-૨૦૦૬ના રોજ કર્યો હતો. આ હુકમની વિગતો નીચે મુજબ છેઃ

૧. મહેસૂલ વિભાગમાં જાહેર માહિતી અધિકારી તેમ જ મદદનીશ માહિતી અધિકારી કોણ છે, ક્યાં બેસે છે અને તેઓ ગેરહાજર હોય તો કોનો સંપર્ક સાધવો તે માહિતીની જાણકારી આપતું બોર્ડ બનાવી જાહેર જનતાના ધ્યાન પર આવે તે રીતે વિભાગમાં લગાવી તેની જાણ કમિશનરને કરવી.

૨. ઉપર મુજબની વ્યવસ્થા રાજ્ય સરકારના દરેક વિભાગ તથા ખાતાના વડાઓની કચેરીમાં પણ થાય તે માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જરૂરી સૂચનાઓ બહાર પાડવી અને તેનો અમલ થયાની વિગતો કમિશનરને આપવી.

૩. ઉદ્યોગ કમિશનરની કચેરી ખાતે પ્રોએક્ટીવ ડિસ્કલોઝર મેન્યુઅલ જાહેર માહિતી અધિકારી પાસે રાખી, જાહેર જનતાના ધ્યાન પર આવે તેવી જગ્યાએ કચેરીમાં મૂકવું. ઉદ્યોગ ખાતા સિવાય પણ રાજ્ય સરકારના દરેક વિભાગ તથા ખાતાના વડાની કચેરી જ્યાં જ્યાં જાહેર માહિતી અધિકારી છે ત્યાં બધી કચેરીઓમાં પ્રોએક્ટીવ ડિસ્કલોઝર મેન્યુઅલ વાંચવા માટે તથા જોવા માટે રાખવામાં આવ્યાં છે તેવી જાહેરાત તથા નાગરિકોને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નીચે જે અધિકારો છે તેની યાદી અને કેવી રીતે માહિતી મેળવવી તેની જાણકારી નોટિસ બોર્ડમાં નાગરિકોની જાણ માટે રાખવી તેવી સૂચનાઓ બહાર પાડવા તેમ જ આ સૂચનાના અમલનો રિપોર્ટ માહિતી કમિશનરને મોકલવા સામાન્ય વહીવટ વિભાગને જણાવવામાં આવે છે.

૪. વિકસતી જાતિ કલ્યાણ ખાતાના શ્રી આર.એસ.પટેલ, સમાજ કલ્યાણ અધિકારીને તાકીદ કરવામાં આવે છે કે પ્રોએક્ટીવ ડિસ્કલોઝર મેન્યુઅલ દિન-૭માં તૈયાર કરાવી કમિશનરને જાણ કરવી.

૫. ઈન્સ્પેક્શન માટે પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી લેવાની હોતી નથી ત્યાર પછીના દરેક અર્ધા કલાક માટે રૂ. ૨૦ ફી લેવાની જોગવાઈ છે તેથી ફરિયાદીને ઈન્સ્પેક્શન માટે તે મુજબની વ્યવસ્થા કરવા વિકસતી જાતિ કલ્યાણ ખાતાને તાકીદ કરવામાં આવે છે.

૬. ઉપર મુજબ રેકર્ડના ઈન્સ્પેક્શન માટે નાગરિકનો હકક છે અને નિયમ મુજબ પ્રથમ અડધા કલાક માટે કોઈ ફીની જોગવાઈ નથી તે ધ્યાને લઈ સામાન્ય વહીવટ વિભાગે આ બાબતે પણ જરૂરી સૂચનાઓ બહાર પાડવી.

૭. મહેસૂલ વિભાગમાં માંગેલી માહિતી ટ્રાન્સફર કરવાના બદલે તે માહિતી તે ખાતા પાસે ન હોય તો તેને ટ્રાન્સફર કરવાના બદલે ત્યાં અલગ અરજી કરવા જણાવેલ છે જે વાજબી નથી. કાયદાની જોગવાઈ મુજબ જો માંગેલી માહિતી તેની હકૂમતમાં આવતી ન હોય ત્યારે તેવા કિસ્સામાં તેણે અરજી મળ્યાના પાંચ દિવસની અંદર એવી અરજી નમૂના 'ચ'માં સંબંધિત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી જોઈશે.

આ 'પહેલ' દ્વારા આ હુકમના અમલ અને અન્ય બાબતોના સંદર્ભમાં જે મુદ્દાઓ જાહેરમાં રજૂ કરવામાં આવ્યા છે તે નીચે મુજબ છેઃ

૧. માહિતી અધિકારનો કાયદો ગુજરાતમાં અમલી થયાને સાત મહિના થયા છતાં મોટા ભાગની સરકારી કચેરીઓમાં મહિતી અધિકારી કોણ છે તેના નામની તકતી મૂકવામાં આવી નથી. તેના કારણે અરજી આપવા વિભાગમાં નાગરિકો જાય તો તકલીફ પડે છે. 'માહિતી અધિકાર ગુજરાત પહેલ' દ્વારા રાજ્ય આયોગમાં એક અપીલ કરવામાં આવી હતી. તે અન્વયે 'ગુજરાત રાજ્ય માહિતી આયોગ'એ ચાર મહિના પહેલાં આપેલા હુકમ અનુસાર રાજ્ય સરકારે તેના દરેક વિભાગના જાહેર માહિતી અધિકારી, એપેલેટ ઓથોરિટી કોણ છે તેની તકતી જે તે વિભાગમાં લગાવવા હુકમ કર્યો હતો. તેને પાંચ મહિના થવા આવ્યા છતાં ગુજરાત રાજ્ય માહિતી આયોગના હુકમનું પાલન કરવામાં આવ્યું નથી.

૨. માહિતી અધિકારના પ્રચાર-પ્રસારમાં પણ સરકાર નબળી પુરવાર થઈ છે. 'પહેલ' દ્વારા પ્રચાર-પ્રસાર કરવા અંગે કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે. સરકાર દ્વારા છપાતી તમામ નોટિસો, જાહેર ખબરો, હોર્ડીંગ તથા પ્રચાર અભિયાનોમાં માહિતીના અધિકારનો મુદ્દો વણી લઈ, દરેક વખતે ટૂંકાં સૂત્રો છાપવા પહેલે સૂચન કર્યું હતું. પહેલને સ્પષ્ટપણે લાગે છે કે માહિતી અધિકારના પ્રચાર-પ્રસાર માટે સરકાર પક્ષે નાણાંનો નહિ પણ દાનતનો અભાવ છે.

૩. માહિતી અધિકારના કાયદા અંગેની સમજણ દરેક સરકારી અધિકારીઓમાં કેળવાય તે માટે વ્યાપક સઘન તાલીમની જરૂર છે. જેની જવાબદારી સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશન (સ્પિપા) લીધી છે. તે પ્રશંસનીય છે પરંતુ આ પ્રયાસો પૂરતા નથી. ગ્રામ અને તાલુકા કક્ષાએ બેઠેલા અધિકારીઓને ક્યારે તાલીમ મળશે તે પ્રશ્નાર્થ છે. ગ્રામ કે તાલુકા કક્ષાએ કાર્યરત સરકારી અધિકારીઓ માહિતી અધિકારના કાયદા વિશે ખાસ કશું જાણતા નથી, તે હકીકત છે. વિકેન્દ્રિત રીતે જિલ્લા અને તાલુકા સ્તરે તાલીમનું આયોજન કરવામાં આવે તો તાલીમકાર્ય ઝડપી થઈ શકે તેમ છે. આ માટે 'પહેલ' તેનાં સાથી સંગઠનો સાથે રહી સરકારના પ્રયાસોને મજબૂત કરવા તૈયાર છે.

૪. સરકારે પોતાના દરેક વિભાગના માહિતી અધિકારના કાયદાના અમલ અંગે ત્રિમાસિક અને ૩૧મી માર્ચના રોજ પૂરા થતા વર્ષનો કામગીરી અહેવાલ તૈયાર કરવાનો હતો, તે અત્યાર સુધી તૈયાર થયો નથી.

૫. રાજ્ય માહિતી પંચના મુખ્ય માહિતી કમિશનર જુન ૨૦૦૬માં નિવૃત્ત થાય છે, કાયદા હેઠળ તેમની પુનઃનિયુક્તિ થઈ શકે નહિ. તથા કાયદાના અમલીકરણના સાત માસ દરમ્યાન રાજ્ય માહિતી પંચ પાસે ફરિયાદો અને બીજી અપીલનો ભરાવો થયો છે. કુલ છસો ઉપરાંત કેસ સુનાવણીની રાહ જુએ છે. આ પરિસ્થિતિમાં માહિતી અધિકારના કાયદા મુજબ પસંદગી સમિતિની બેઠક બોલાવી વધારાના રાજ્ય માહિતી કમિશનરોની નિમણૂક કરવાની તાતી જરૂર છે.

૬. રાષ્ટ્રીય સ્તરે થતા અનુભવો પ્રમાણે રાજ્ય માહિતી પંચ નિવૃત્ત સનદી અધિકારીઓ માટેનું રોજગાર વિનિમય કેન્દ્ર ના બની જાય તે માટે કમિશનર તરીકે વિવિધ ફેક્લ્ટીના વ્યક્તિ વિશેષોની પસંદગી થાય તે જરૂરી છે.

## અપીલ જ અપીલ

'પર્યાવરણ મિત્ર' સંસ્થા દ્વારા કુલ ૬૦ જેટલી અરજી ગુજરાત અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં કરવામાં આવી છે. તે પૈકી ચાર અરજીઓમાં પ્રથમ અપીલ દાખલ કરવામાં આવી છે. ચારેય કેસમાં પ્રથમ અપીલના નિર્ણયથી સંતોષ ન થયા હોવાથી ચીફ ઈન્ફોર્મેશન કમિશનર સમક્ષ બીજી અપીલ દાખલ કરવામાં આવી છે. બીજી અપીલના ચાર કેસમાંથી બે કેસની રૂબરૂ સુનાવણી યોજાઈ ગઈ છે. ચીફ ઈન્ફોર્મેશન કમિશનરની ભૂમિકા સરકાર તરફી જ છે.

આજ સુધી તેમને ત્યાં દાખલ થયેલી કુલ ૭૨ અરજીઓમાંથી એક

પણ કિસ્સામાં કોઈ પણ જાહેર માહિતી અધિકારીને સજા કરવામાં આવી નથી. પ્રથમ અપીલ અધિકારીના હાથમાં પૂરતી સત્તા ન હોવાથી તેમાં માત્ર સમય બરબાદ થાય છે અને ૩૦ દિવસમાં આપવામાં આવતી માહિતી તેમના કહેવાથી ૯૦ દિવસે મળે છે. ભરૂચના કલેક્ટરની ઓફિસમાં અરજી કરી તેની સાથે અરજીની ફી તરીકે કાયદાની જોગવાઈ મુજબ ૨૦ રૂપિયાનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ ચોંટાડાયો.

જવાબ મળ્યો કે કાયદાની જોગવાઈ મુજબ ફીની ચુકવણી કરી નથી. આથી કલેક્ટર સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરી, તો કલેક્ટર એટલે પ્રથમ અપીલ અધિકારી વતી જાહેર માહિતી અધિકારી કે જેની સામે અમે ફરિયાદ કરી છે તેમણે જવાબ આપ્યો કે અપીલ નામંજૂર કરવામાં આવે છે અને અપીલ અધિકારી અહીં હાજર છે!! આ નિર્ણય સામે બીજી અપીલ દાખલ કરાઈ છે.

બીજા કિસ્સામાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની પાસે કેટલીક માહિતી માંગી. બે મહિના વીતવા છતાં કોઈ જવાબ ન મળતાં પ્રથમ અપીલ દાખલ કરી. એક મહિનામાં તેનો પણ કોઈ પ્રત્યુત્તર ન મળતાં બીજી અપીલ કરવાની ફરજ પડી. જ્યારે ચીફ ઈન્ફોર્મેશન કમિશનરે બોર્ડ સમક્ષ આ અરજીનો ખુલાસો માંગ્યો તો જવાબ મળ્યો કે કોઈ અરજી કે અપીલ મળી જ નથી. અમારી પાસે કુરિયરની પહોંચ તથા ફી તરીકે આપેલ ડી.ડી. વટાવ્યાની પહોંચ છે. ચીફ ઈન્ફોર્મેશન કમિશનરે બોર્ડને રૂબરૂમાં બોલાવી સુનાવણી કરવાની સૂચના આપી છે જેનો આજ દિન સુધી અમલ થયો નથી.

ગુજરાતમાં હવેથી અરજીઓની ફીની ચુકવણી તરીકે નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પનો ઉપયોગ નહી થઈ શકે કેમ કે તાજેતરમાં ગુજરાત સરકારે સરક્યુલર બહાર પાડ્યો કે નોન જ્યુડિશિયલ સ્ટેમ્પની લઘુતમ કિંમત ૧૦૦ રૂપિયા જ હશે. આથી આ કાયદા હેઠળ કરવામાં આવતી અરજીઓમાં ભરવામાં આવતી ૨૦ રૂ.ની ફી માટે આ વિકલ્પ ચાલશે નહીં. હવે માત્ર કેશ કે ડી.ડી. દ્વારા જ પૈસા ચૂકવી શકાશે.

## અગરિયા હિતરક્ષક મંચ

'અગરિયા હિતરક્ષક મંચ'ના શ્રી શૈલેષ પટેલે એક અરજી આ માહિતી મેળવવા માટે કરી:

(૧) ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના મોબાઈલ હેલ્થ વાન યુનિટ દ્વારા જે દરદીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી તેમની વિગતો.

(૨) એ દર્દીઓના નામ, સરનામાં, રોગનો પ્રકાર, આપવામાં આવેલી દવાઓ, આપવામાં આવેલી સારવાર, સારવાર પછીનું કામ.

(૩) મોબાઈલ હેલ્થ વાન ક્યાં ક્યાં ફરી તેનો માર્ગ અને લોગબૂક. તેમને ૩૦ દિવસમાં માહિતી ના મળી.

૩૦ દિવસ પછી તેમને એમ જણાવવામાં આવ્યું કે આ માહિતીની નકલો મેળવવાના રૂ.૩૬૦૦ થશે. તેમણે જાહેર માહિતી અધિકારીની મુલાકાત લીધી ત્યારે તેમને ખબર પડી કે આ અધિકારના અમલ અંગે અધિકારીને કોઈ તાલીમ મળી નથી. એટલે શ્રી પટેલે એ અધિકારીને કાયદાની વિગતો સમજાવી. પછી અધિકારીએ માફી માંગી અને કહ્યું કે તેઓ બધી માહિતી મફત પૂરી પાડશે. જે માહિતી મળી તે અગરિયા કામદારોમાં વહેંચવામાં આવી અને તેનાથી તેમનામાં જાગૃતિ આવી. હવે મોબાઈલ હેલ્થ વાન અગરિયાઓનાં કામનાં સ્થળોની મુલાકત પણ લે છે.

## નાગરિકોની સામેલગીરી

'ઉન્નતિ' દ્વારા ધોળકા નગરમાં ચાલતા 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા તા.૨૭.૩.૨૦૦૬ના રોજ ગટર વિશે માહિતી મગાઈ હતી તે મુજબ ધોળકા નગરપાલિકાના સેનેટરી વિભાગમાંથી માર્ચ-૨૦૦૫થી ૨૧ માર્ચ ૨૦૦૬ દરમ્યાન ધોળકા નગરપાલિકા દ્વારા કુલ કેટલા નંગ ઢાંકણની ખરીદી કરવામાં આવી હતી. આ ઢાંકણાંઓને ધોળકા શહેરમાં કઈ કઈ જગ્યાઓ ઉપર બેસાડવામાં આવ્યાં હતાં તેના સરનામાં સાથેની વિગતો આપવામાં આવી હતી.

આ માહિતી માંગવા પાછળનો ઉદ્દેશ એ હતો કે નગરપાલિકા દ્વારા જે ઢાંકણા ખરીદવામાં આવ્યા હતા અને ક્યાં ક્યાં બેસાડવામાં આવ્યા હતા. તેના વિશે માહિતી મળે અને આ માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવે. લોકો દ્વારા કરવામાં આવતી ઢાંકણની ફરિયાદો જેવી કે ઢાંકણ ન હોવાને કારણે લોકો તેમાં પડી જતાં હતાં, તેમાં કચરો ભરાઈ જતો અને ગંદકી થતી હતી. આ કારણોને આધારે માહિતી માગવામાં આવી હતી. આ માહિતી માંગવા માટે કોરા પેપર ઉપર જાહેર માહિતી અધિકારીના નામે એક અરજી કરવામાં આવેલી. આ અરજીના ૨૦ રૂપિયા પણ જમા કરવામાં આવેલ અને તેને તા.૨૭.૩.૨૦૦૬ના રોજ આપવામાં આવેલ છે.

આપેલ અરજીના અનુસંધાને ધોળકા નગરપાલિકાએ તેના સમય ગાળામાં માહિતી લેખિત સ્વરૂપમાં, અરજીના અનુસંધાને બધી વિગત સાથે રૂબરૂમાં બોલાવીને આપી હતી. તેમના દ્વારા જણાવ્યું હતું કે આપને કોઈ પણ જાતની મુશ્કેલી જણાય તો સેનેટરી ખાતાનો સંપર્ક

કરવો. જે જગ્યા ઉપર મુશ્કેલી જણાઈ ત્યાં નગરપાલિકાનો સંપર્ક સાધતાં તેમને તે વિષયે યોગ્ય માહિતી આપેલી હતી. નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ માહિતી ધોળકા શહેરના વિવિધ વિસ્તારોમાં લોકો સુધી પહોંચાડવામાં આવી અને તે વિસ્તારમાં નગરપાલિકા દ્વારા કુલ કેટલા નંગ ઢાંકણને ફિટિંગ કરવામાં આવેલ છે તે જણાવવામાં આવ્યું.

આ બધી પ્રક્રિયામાં જે તે વિસ્તારના નાગરિક નેતાઓને સામેલ કરવામાં આવ્યા હતા. જેથી કરીને આ માહિતી થોડા સમયમાં વધુ વિસ્તારમાં વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે. નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ માહિતી કેટલા અંશે સાચી છે તેનો ખ્યાલ લોકોને પોતાના વિસ્તારની ચકાસણી કરીને કરે અને જો કોઈ પણ જાતની તકલીફ પડે તો તેઓ નગરપાલિકાનો સંપર્ક કરે.

જે તે વિસ્તારના નાગરિક નેતા દ્વારા પોતાના વિસ્તારની ચકાસણી કરીને તે પછી 'નાગરિક સહયોગ કેન્દ્ર'નો સંપર્ક કરતા હતા અને તેમના વિસ્તારમાં નાખવામાં આવેલ ઢાંકણની સંખ્યા અને સરનામાં બરાબર છે તેમ વિવિધ વિસ્તારના નાગરિક નેતા જણાવતા હતા. આમ, ધોળકા નગરપાલિકાના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા આ વિષયે યોગ્ય સહકાર મળ્યો હતો.

## વીજળીનું નવું જોડાણ મળ્યું

અશોક ગુપ્તા નામના એક નાગરિકો પોતાના ઘેર વીજળીના નવા જોડાણ માટે દિલ્લી વિદ્યુત બોર્ડમાં અરજી કરી. બોર્ડના માણસોએ લાંચ માંગી. ગુપ્તાએ લાંચ આપવાનો ઈનકાર કર્યો. પરિણામે તેમને વીજળીનું જોડાણ ન મળ્યું. તેમણે બોર્ડની અનેક વાર મુલાકાત લીધી પણ બધી એળે ગઈ. પછી તેમણે માહિતીના અધિકાર હેઠળ અરજી કરી અને આ મુજબની માહિતી માગી:

(૧) મેં વીજળીનું જોડાણ માગતી અરજી કરી છે, અને અત્યાર સુધીમાં તેમાં રોજરોજ શી પ્રગતિ થઈ છે?
(૨) એ અધિકારીઓના નામ અને હોદ્દા આપો કે જેમણે મારી અરજીના સંબંધમાં પગલાં લેવાનાં હોય પણ લીધાં નથી.
(૩) ભારતીય વીજ ધારા હેઠળ અરજદારને ૩૦ દિવસમાં વીજળીનું જોડાણ મળવું જોઈએ. શું એ અધિકારીઓ આ કાયદાના ભંગ બદલ દોષિત છે?
(૪) તેમણે મને સમયસર જોડાણ નહીં આપીને માનસિક તનાવ ઊભો કર્યો છે. શું તેઓ લોકોને ત્રાસ આપવા માટે દોષિત છે?
(૫) શું દિલ્હી વિદ્યુત બોર્ડે આ અધિકારીઓ સામે કોઈ પગલાં લીધાં છે? જો હા, તો કેટલા સમયમાં?
(૬) મને વીજળીનું જોડાણ ક્યારે મળશે?

આવી અરજી કર્યા પછી અશોક ગુપ્તાને તેમનું વીજળીનું જોડાણ મળી ગયુ! એકદમ ચમત્કાર થયો. કેમ એમ બન્યું? જો માહિતીના અધિકારનો કાયદો ન હોત તો અશોક ગુપ્તાની અરજી કચરાટોપલીમાં ફેંકી દેવાઈ હોત. પરંતુ દિલ્હીનો માહિતી અધિકારનો જે કાયદો છે તેમાં એવી જોગવાઈ છે કે જે અધિકારી સમયસર માહિતી ના આપે તેના પગારમાંથી રોજના રૂ.૫૦ કાપી લેવાં. તેથી તેમણે અશોક ગુપ્તાની અરજી પર મહિતી તો આપવી જ પડે. પરંતુ અશોક ગુપ્તાને તેમણે માગેલી માહિતી આપવાનું અઘરું હતું! તેથી માહિતી આપવાને બદલે વીજળીનું જોડાણ જ આપવામાં આવ્યું! દિલ્લી રાજ્યે જે માહિતીના અધિકારનો કાનૂન ઘડ્યો હતો તેનું આ પરિણામ આવ્યું.

## પ્રદૂષક કારખાનું બંધ થયું!

પૂર્વ દિલ્લીના વિશ્વાસ નગરના નિવાસી કપિલ જૈનના પડોશીએ પ્લાસ્ટિકના રિસાયકલિંગનું કારખાનું શરૂ કર્યું. તેથી તેમના મકાનની દિવાલો ધ્રૂજે અને ભારે વાયુ પ્રદૂષણ ફેલાયું. તેની વાસથી ઉબકા પણ આવે. ૧૯૯૩માં આ કારખાનું શરૂ થયું હતું. ૧૯૯૫માં તેમણે સૌ પ્રથમ ફરિયાદ પોલીસમાં કરી, પણ કશું થયું નહી. તેમણે છેવટે તો આશા જ છોડી દીધી હતી અને પોતાનું ઘર વેચી દઈને બીજે રહેવા જવાનું નક્કી કરી દીધું હતું.

પણ કપિલ જૈને નાયબ પોલીસ કમિશનરને ફરિયાદ કરી અને છેવટે માહિતીના અધિકાર કાયદા હેઠળ એક અરજી કરી અને એવી માહિતી માગી કે તેમણે કરેલી અરજીનું શું થયું છે? તેમને પછી એવી માહિતી અપાઈ કે તેમની અરજી દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવામાં આવી છે. પણ કોઈ જવાબ આવ્યો નહીં. પછી તેમણે માહિતીના અધિકારના કાયદા હેઠળ ફરી અરજી કરી અને તેમને એમ જણાવાયું કે તેમને એક એવો નિરીક્ષણ અહેવાલ મોકલી દીધો છે કે એ કારખાનું પ્રદૂષક એકમ છે અને બંધ થવું જોઈએ. તેમને મળેલા પત્રની નકલ સાથે તેઓ લાગતા વળગતા અધિકારીને મળ્યા અને બીજે દિવસે એ પ્રદૂષક કારખાનું બંધ થયું.

માહિતીના અધિકારનો ઉપયોગ કરવા અંગેનાં ઉપરોક્ત ઉદાહરણો એમ દર્શાવે છે કે માહિતીના અધિકારના કાયદા હેઠળ જેની કલ્પના જ ના થઈ શકે એવાં પરિણામો આવ્યાં છે. આવાં તો અનેક ઉદાહરણો સમગ્ર દેશના અનુભવો ઉપરથી આપી શકાય એમ છે. માહિતીના અધિકારના કાયદાની ઘણી જ ઉપયોગિતા અને પ્રસ્તુતતા તેનાથી છતાં થાય છે.

# સાંપ્રત પ્રવાહ

## ગટરોની સફાઈ મનુષ્યો દ્વારા ન કરાવવા આદેશ

ગુજરાતની વડી અદાલતની વિભાગીય બેંચે પાલિકાઓના સત્તાવાળાઓને ગટરોની સફાઈની કામગીરી માટે માણસો ન રાખવા માટે આદેશ આપ્યો છે. 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ' અને 'લોક અધિકાર સંઘ' દ્વારા કરાયેલી બે અરજીઓના સંદર્ભમાં વડી અદાલતે આ ચુકાદો આપ્યો છે. અદાલતે તેના આદેશમાં જે અગત્યના હુકમો કર્યા છે તે નીચે મુજબ છે:

(૧) અત્યંત અનિવાર્ય ન હોય તો ગટરોની સફાઈની કામગીરી મનુષ્યો દ્વારા કરાવવી નહિ.

(૨) શક્ય હોય ત્યાં સુધી પાલિકાઓએ તેમની જરૂરિયાત અને નાણાકીય સ્થિતિ અનુસાર સાધનો કે યંત્રોની ખરીદી કરવી.

(૩) આ હેતુ માટે કોન્ટ્રેક્ટરો રાખવા નહિ.

(૪) જો ગટરમાં અંદર ઊતરવાની કામદારને જરૂર હોય જ તો તેને ઝેરી વાયુથી અસર નહિ થાય તેની ચકાસણી તે તેમાં પ્રવેશે તે પહેલાં કરવી જોઈએ.

(૫) કામદાર ગટરમાં ઊતરે તે પહેલાં તેને ઓક્સિજન માસ્ક, હેલ્મેટ, ગોગલ્સ, ગમબૂટ, એર બ્લોઅર, સેફ્ટી બેલ્ટ, ટોર્ચ વગેરે જેવાં તમામ સુરક્ષા સાધનો પૂરાં પાડવાં જોઈએ.

(૬) સફાઈની કામગીરી શરૂ કરવામાં આવે તે પહેલાં સ્થળ પર હાજર અધિકારીઓએ પાણી અને ગેસના નમૂના ફરજિયાતપણે લેવા અને એ બેમાંથી એક પણ જો કામદારના આરોગ્યને વિપરીત રીતે અસર કરનારા જણાય એ પ્રકારનાં સાધનો ફરજિયાતપણે હોવાં જોઈએ કે જેથી ગટરમાં અકસ્માતો થતા અટકે. તેની પાસે ગેસ ડિટેક્ટર હોય એ જરૂરી છે.

(૭) કામદારોને સફાઈનું કામ, પ્રતિરોધાત્મક પગલાં અને તાકીદતાની પરિસ્થિતિમાં સંપર્ક નંબરો વગેરેની માહિતી ધરાવતી નાનકડી પુસ્તિકા આપવી. તેઓ તેમાં જણાવેલાં તમામ પગલાનું પાલન કરે તે માટે તેમને ખાસ જણાવવું.

(૮) આરોગ્ય અને સુરક્ષા સંબંધી પ્રશ્નો અંગે કામદારને તાલીમ અપાવી જોઈએ. તેમને કામની સ્થિતિ એટલે કે ઝેરી ગેસની હાજરી અને અન્ય જોખમો વિશે જાગૃત કરવા જોઈએ. તેમના કામના ગુણદોષ શું છે અને પ્રતિરોધાત્મક પગલાં શું છે તે વિશે તેમને સતત તાલીમ અપાવી જોઈએ. અમદાવાદના કેન્દ્રીય કામદાર શિક્ષણ બોર્ડ દ્વારા તે તાલીમ હાથ ધરાવી જોઈએ.

(૯) સરકારે સુરક્ષાનાં પગલાં અને તાલીમ કાર્યક્રમો પર દેખરેખ રાખવા વિવિધ સ્તરે સુરક્ષા સમિતિઓની રચના કરવી જોઈએ. આ સમિતિ સુરક્ષાનાં પાસાં અને પ્રતિરોધાત્મક પગલાં અંગે કાળજી લે.

(૧૦) દરેક પાલિકા સમયાંતરે સફાઈ કામદારોની તબીબી તપાસ કરાવે. જો કામદાર સફાઈની કામગીરીને લીધે કોઈ વિપરીત અસર ધરાવતો માલૂમ પડે તો તરત જ તેની અન્ય ખાતામાં બદલી કરવી જોઈએ.

(૧૧) પાલિકાએ આ અંગે એક અલગ ખાતું ઊભું કરવું કે જેથી ખાતાવાર સઘન દેખરેખ રખાય. આ ખાતું કામદારો સાથે સંબંધિત સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરી શકે.

(૧૨) પાલિકાઓએ કામદારોને પાયાની સવલતો પૂરી પાડવી જોઈએ, તેમના કુટુંબના સભ્યોને શિક્ષણ પૂરું પાડવું જોઈએ.

(૧૩) પાલિકાઓએ આ કામદારોનો ફરજિયાતપણે વીમો ઉતરાવવો અને તેનું પ્રિમિયમ ભરવું. સમાજ કલ્યાણ ખાતાની વિવિધ યોજનાઓનો લાભ તેમને અપાવવો. તેમને અકસ્માતના કિસ્સામાં વળતર મળે અને મૃત્યુના કિસ્સામાં તેમના સગાને નોકરી મળે તે પણ પાલિકાઓએ જોવું.

આ ચુકાદાની સમીક્ષા કરવા તા.૩ જુલાઈના રોજ એમ. જે. લાયબ્રેરી, અમદાવાદ ખાતે એક મીટિંગનું આયોજન કરવામાં આવેલું. ચુકાદાનાં અગત્યનાં પાસાંઓને મોટા ભાગનાં અખબારોએ યોગ્ય સ્થાન આપ્યું છે. રાજ્યભરમાં આ વ્યવસાયમાં જોડાયેલાં પરિવારોની સંખ્યા ખૂબ મોટી છે. વળી, તેઓ પાયાની સેવા એટલે કે સફાઈ/સ્વચ્છતાના કામ સાથે સંકળાયેલા છે. પોતે ગંદા રહી બીજાને સાફ રાખે છે. સફાઈ સિવાયની તમામ સેવાઓમાં અન્ય જાતિ-ધર્મનાં સ્ત્રી-પુરુષો જોવા મળે છે જ્યારે ગટર સફાઈ કામમાં માત્ર વાલ્મીકિ સમાજ જ જોડાયેલો છે. સામાજિક ન્યાયના સંદર્ભે આ એક અન્યાય છે. આ સમીક્ષા બેઠક અમદાવાદના 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ' અને 'લોક અધિકાર સંઘ' અને વિવિધ ગટર કામદાર સંગઠનોના સંયુક્ત પ્રયાસોથી બોલાવવામાં આવી હતી.

પ્રારંભમાં નડિયાદ જિલ્લાના પ્રતિનિધિ શ્રી મગનભાઈએ કામદારોની એકંદર સ્થિતિ અંગે વર્ણન કરતાં કામદારોના શોષણ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓમાંથી તેમને કઈ રીતે બાકાત રાખવામાં આવે

છે તે અંગે ફરિયાદ કરી હતી અને આંકડાકીય માહિતી આપી કે પાંચ કરોડની જનતામાં ૨૫ લાખ તો આવા લોકો છે. ગટર કામદારનું ફરજ પર મૃત્યુ થાય તો એને થોડું ઘણું આર્થિક વળતર જરૂર મળે છે પણ આ વ્યવસાયમાં જોડાયેલા લોકો માટે આ કામ ચાલુ જ રાખવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. કારણ કે સામાજિક રીતે આ વર્ગ ખૂબ જ પાછળ છે તેથી 'ગટર સફાઈ કામદાર' થી આગળના હોદ્દા પર તે પહોંચી શકતો નથી. સામાન્ય પ્રજા અને અધિકારીઓ ગટર સફાઈના કામનું વિશ્લેષણ કરતી વખતે સફાઈ કામદારના ફરજ પાલનને દોષ આપે છે પણ એકાદ વાર કોઈ અધિકારી આ ગટરમાં ઊતરી તો જુઓ? અંદર શું હાલ છે - શું થાય છે, તે અનુભવે તો ખરા? બહુ જ સ્પષ્ટ શબ્દોમાં એમણે કહ્યું કે દરિયામાં ડૂબકી મારનાર મરજીવા તો મોતી લઈને આવે છે જ્યારે ગટર કામદાર મોત લઈને જ આવે છે. તેમણે ખાસ કરીને આગ્રહ કર્યો કે આપણે આ સ્થિતિ સામેનો પડકાર ઉઠાવવો પડશે અને સંઘર્ષ પણ કરવો પડશે.

બીજા આગેવાન શ્રી કસ્તુરભાઈએ માહિતી અધિકારના કાયદા અન્વયે ૧૬૯ નગરપાલિકાના સફાઈ કામદારોની સ્થિતિની જાણકારી માંગી હતી. તેમાંથી ૮૦ નગરપાલિકાની મહિતીનું વિશ્લેષણ કરતાં તેમણે જણાવ્યું કે ત્રણ કરોડની વસ્તી હતી ત્યારે સફાઈ કામદારોનું જે મહેકમ હતું તે હજુ આજેય એમનું એમ છે. વસ્તી વધી છે પણ પાલિકાઓએ સેવકોની સંખ્યા વધારી નથી. ઊલટાનું, કોન્ટ્રાક્ટ પ્રથા દાખલ કરી તેમને વિવિધ લાભોથી પણ વંચિત રાખવામાં આવે છે.

કામદારોની સ્થિતિને કાનૂની અરજીના સ્વરૂપમાં મૂકી ન્યાયની માગણી કરનાર જાણીતા કર્મશીલ અને હાઈ કોર્ટના એડવોકેટ શ્રી ગિરીશભાઈ પટેલ આ બેઠકના પ્રમુખસ્થાને હતા. ચુકાદાની સમીક્ષા પહેલાં તેઓએ સ્પષ્ટતા કરી કે મારે માત્ર નામદાર કોર્ટના હુકમો/ભલામણોની સમીક્ષા માત્ર કરવી નથી પણ સમાજનો ઉપલો વર્ગ કે જે આખીય પરિસ્થિતિ વચ્ચે બેધ્યાન છે તેને સંબોધીને કરવી છે. તેઓ આ સમાજ પ્રત્યે કશી જ સંવેદના ધરાવતા નથી, તેમના માટે અને તેમનાં વલણો પ્રત્યે ધ્યાન દોરવું છે. આપણે આ વર્ગ કઈ સ્થિતિ વચ્ચે જીવી રહ્યો છે, કેવું કામ કરે છે, કોના માટે કરે છે, અકસ્માત થાય તો એને શું મળે છે, એ મેળવવા માટે એને શું કરવું પડે છે, તે વિશે જાણકાર રહેવાની જરૂર છે. તેમના પ્રત્યે સંવેદનશીલ બનવું પડશે. કોર્ટના હુકમનો આદર કરતાં તેમણે કહ્યું કે મારા મતે કદાચ પહેલી જ વાર આવો મહત્ત્વનો ચુકાદો આવ્યો છે. પોતાના અનુભવને આગળ કરતાં તેમણે કહ્યું કે કાયદો તો માત્ર હથિયાર છે. એનો ઉપયોગ માણસે કરવાનો છે. તંત્ર આનું કેવું અર્થઘટન કરશે તેની તેમને ખબર નથી પણ કામદારો જો આનો ઉપયોગ નહીં કરી શકે તો ચુદાકાનો અર્થ જ માર્યો જશે અને એમ કરવા માટે કામદારોએ સંગઠિત બનવું પડશે. તેમણે ખાસ ભારપૂર્વક કહ્યું કે શહેરો ખૂબ સુંદર દેખાય, સ્વચ્છ દેખાય એ એની તંદુરસ્તીની નિશાની છે પણ આ શહેરને સ્વચ્છ રાખવા માટે વાલ્મીકિ સમાજ સિવાય બીજું કોઈ જ કામ કરતું નથી આ એક મોટો વિરોધાભાસ છે. આ વર્ગને પણ આપણા સૌની માફક સારું અને સ્વચ્છ જીવન જીવવાનો અધિકાર છે. કમનસીબે પ્રચાર માધ્યમો આ વર્ગની દુર્દશાની ખાસ નોંધ લેતાં નથી ત્યારે આ કામદાર સંગઠનોએ વાત ઉપાડી છે તેથી તેઓ સન્માનને પાત્ર બને છે.

હાઈ કોર્ટમાં આ મુદ્દે દલીલ કરતાં તેમણે કહ્યું હતું કે કોર્ટ સમક્ષ આ સામાજિક ભેદભાવ અને તેને કારણે નીપજતી સ્થિતિનો સંદર્ભ છે. આવું કામ આ વર્ગના ભોગે જ શા માટે? તેઓ આ કામ કઈ રીતે અને શા માટે કરી રહ્યા છે! તે સમજાવવું જરૂરી બન્યું. એક તરફ વૈશ્વિકીકરણ પૂર ઝડપે આગળ વધી રહ્યું છે. ભારત દેશ પણ અણુ ટેક્નોલોજીમાં આગળ આવવાની હરીફાઈમાં છે ત્યારે શું વૈજ્ઞાનિકોની એ ફરજ નથી કે તેઓ સફાઈ કામદાર માટે એવું સંશોધન કરે કે જેથી જીવતા માણસે ગટરમાં ન ઊતરવું પડે! જે દેશમાં ગટર સાફ કરવા માણસે ગંદકીમાં ડૂબકી મારવી પડતી હોય તે દેશને અણુ બોમ્બ બનાવવાનો કોઈ જ હક્ક નથી. આગળ વાત લંબાવતાં તેમણે કહ્યું કે કોર્ટમાં પણ ઘણી વાર નાના માણસોના હિતમાં ન્યાયની માગણી મૂકીએ તો વકીલ મિત્રોને પણ આશ્ચર્ય થાય છે. તેઓને લાગે છે કે કાનૂની લડાઈ તો મોટા માણસોની સામે હોય. રિલાયન્સ કે અંબાણી સામે લડવું જોઈએ પણ આવા ગટર કામદારો માટે તો અરજી હોતી હશે?

આ સ્થિતિ વચ્ચે પણ કોર્ટે જે હુકમો કર્યા છે તેનો આદર કરતાં તેમણે ચાર મહત્ત્વનાં પાસાંઓ પર સૌનું ધ્યાન દોર્યુઃ

(૧) ગટર સફાઈમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ તથા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ અને તેમ કરવા માટે રાજ્ય સરકારે નગરપાલિકાઓને સહકાર આપવા ઉપર ભાર.

(૨) કોન્ટ્રાક્ટ પદ્ધતિ ઉપર અંકુશ.

(૩) કામદારના મોત બદલ લાગતા-વળગતા અધિકારીને જવાબદાર ગણવા.

(૪) કામદારોની એકંદર સ્થિતિ સુધારવા ઉપર ભાર.

તેમણે જણાવ્યું કે કામદાર સંગઠનો દ્વારા ભલામણોને લોકભાષા ગુજરાતીમાં પુસ્તિકારૂપે બહાર પાડવામાં આવશે કે જેથી કામદાર પોતાનું હિત સમજી શકે. અહીં તેમણે એ વાત પર ભાર મૂક્યો કે કાયદાથી ક્રાંતિ આવતી નથી પણ ક્રાંતિથી કાયદો આવે છે - બદલાય છે. કાયદાનું અમલીકરણ છેવટે તો સરકારે જ કરવાનું છે તેથી

## ફાધર સેડ્રિક પ્રકાશને ફ્રાન્સનું 'શેવેલિયર દે લા લિજિયન દ ઓનર' સન્માન




અમદાવાદના 'જઝિવટ સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ, જસ્ટિસ એન્ડ પીસ' - 'પ્રશાંત'ના નિયામક ફાધર સેડ્રિક પ્રકાશને ફ્રાન્સનું આ સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયું છે. દિલ્લીમાં ફ્રાન્સની એલચી કચેરીમાં ફ્રાન્સના ભારત ખાતેના રાજદૂત શ્રી ડોમિનિક ગિરાર્ડ દ્વારા તા.૧૮-૭-૨૦૦૬ના રોજ આ સન્માન તેમને એનાયત કરાયું હતું.

૧૮૦૨માં નેપોલિયન બોનાપાર્ટ દ્વારા આ એવોર્ડની શરૂઆત કરાઈ હતી અને જે ફ્રેન્ચ લોકો લશ્કરી કે નાગરિકી હિંમત દર્શાવે છે તેમને આ એવોર્ડ અપાય છે. બહુ ઓછા વિદેશીઓને આ એવોર્ડ અપાયો છે. ફાધર સેડ્રિક પ્રકાશે ૨૦૦૨માં ગુજરાતનાં રમખાણો બાદ વોશિંગ્ટનમાં અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્ર્ય મંચ સમક્ષ પણ જુબાની આપી હતી. ૧૯૯૫માં ફાધર સેડ્રિક પ્રકાશને ભારતના રાષ્ટ્રપતિના હસ્તે કોમી એખલાસ અને શાંતિ માટેનો કબીર પુરસ્કાર એનાયત થયો હતો. ૨૦૦૩માં તેમને અમેરિકાની 'ઈન્ડિયન મુસ્લિમ કાઉન્સિલ' દ્વારા માનવતાવાદી કાર્યો માટે રફી અહેમદ કિદવાઈ એવોર્ડ પણ એનાયત થયો હતો.

આપણે એમ માની બેસી રહેવાની જરૂર નથી કે હવે બધું ગોઠવાઈ જશે પણ સંઘર્ષ ચાલુ રાખવો પડશે. સાથે સાથે એમણે માહિતીના અધિકારના ઉપયોગ થકી કેટલીક માગણીઓ બુલંદ બનાવવા દિશાનિર્દેશ આપ્યો હતો. વાલ્મીકિ સમાજને એક માર્મિક ટકોર કરતાં તેમણે કહ્યું કે તેમના સમાજ વચ્ચે જે નાના-નાના ભેદભાવ હોય તે ભૂલીને તેમણે સંપ ભાવનાને આગળ કરવી પડશે. આવી ચર્ચા સભાઓ ગુજરાતમાં અન્ય નગરોમાં યોજવાનું પણ આયોજન છે.

## રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન

'ઉન્નતિ' દ્વારા તા.૨૦.૬.૦૬ના રોજ અમદાવાદમાં 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન' (એએમએ) ખાતે રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન (એનયુઆરએમ) વિશે એક વિમર્શ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકાર આગામી સાત વર્ષના ગાળામાં ૬૩ શહેરોમાં રૂ. ૫૦,૦૦૦ કરોડ આ મિશન અન્વયે ખર્ચશે. તેમાં બે બાબતો છેઃ શહેરી માળખાગત સેવાઓ પૂરી પાડવી અને શહેરી ગરીબોને પાયાની સેવાઓ પૂરી પાડવી. આ વિમર્શ સભાના બે ઉદ્દેશો હતાઃ (૧) મિશનના અમલ અંગેની રાજ્યની સ્થિતિની સમીક્ષા કરવી. (૨) મિશનની યોજનાઓના અમલ અને દેખરેખમાં નાગરિક સમાજનાં સંગઠનો અને સમુદાય-આધારિત સંગઠનોની ભૂમિકા તપાસવી. આ વિમર્શ સભામાં 'ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન' અને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ (જીએમએફબી)ના અધિકારીઓ, અર્થશાસ્ત્રના વિદ્વાનો, નગરપાલિકાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ મળી કુલ ૪૧ જણા હાજર રહ્યા હતા.

આ મિશન શું છે તેને વિશેની રજૂઆત સરકારી અધિકારીઓએ કરી હતી. શ્રી મહેશસિંહે કહ્યું હતું કે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની ઉજવણી પાછળનો રાજ્ય સરકારનો હેતુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશનનો જ હતો. તેમણે કહ્યું કે મિશનના અમલમાં સુધારા સાથે સહાયને સાંકળવામાં આવી રહ્યા છે. તેમણે ગુજરાત શહેરી વિકાસ મિશનના માળખા વિશે પણ રજૂઆત કરી હતી. શહેરી નાણાં વ્યવસ્થાના નિષ્ણાત ડૉ. રવિકાન્ત જોષીએ ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપ (ટીએજી)ના રાષ્ટ્રીય સ્તરના કાર્ય અને રાજ્ય સ્તરના કાર્ય વિશે વાત કરી હતી અને બિન-સરકારી સંગઠનોની ભૂમિકા શું હોઈ શકે તેના વિશે સહભાગીઓએ વિગતે ચર્ચા કરી હતી.

બિન-સરકારી સંગઠનોની ભૂમિકા ત્રણ પ્રકારની જોવામાં આવે છે.: (૧) સીટી ડેવલપમેન્ટ પ્લાન (સીડીપી)ના ઘડતર, અમલ અને દેખરેખનું કાર્ય. (૨) પ્રક્રિયાઓ અને અસરોનું મૂલ્યાંકન હાથ ધરવું. (૩) વિવિધ હિતધારકોની ક્ષમતા વધારવી અને નાગરિકોને જાગૃત કરવા.

આ વિમર્શ સભામાં મિશનની પ્રક્રિયાને સહભાગી બનાવવા માટે નીચેના કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત થયા હતાઃ

(૧) બિન-સરકારી સંગઠનો, નિષ્ણાતો, નાગરિક સમાજને સામેલ કરીને સિટી ડેવલપમેન્ટ પ્લાન ઘડવો.
(૨) હાલ જે ૧૭ નગરોમાં તે ઘડવાની પ્રક્રિયા ચાલુ છે ત્યાં બિન-સરકારી સંગઠનોની ભૂમિકા મજબૂત બનાવવી.
(૩) પરિયોજનાઓનું આયોજન અને અમલ કેન્દ્રિત ઢબે ન થાય તેની કાળજી રાખવી.
(૪) શહેરી સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા સાવ મર્યાદિત ન થઈ જાય

તે જોવું.

(૫) સ્થાનિક નેતૃત્વ નિર્ણય-પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે તે જોવું.
(૬) નાગરિકોની સહભાગિતા વધે તે માટેનાં સાધનો વિકસાવવાં.
(૭) ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) અને સિટી ડેવલપમેન્ટ પ્લાન (સીડીપી) વચ્ચેનું સંકલન પ્રસ્થાપિત કરવું.

બિન-સરકારી સંગઠનોએ આ પ્રક્રિયાને ગુજરાતમાં અન્ય સ્થળોએ લઈ જવાની તૈયારી બતાવી હતી. અંતે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના શ્રી જે. જી. હિંગરાજિયાએ સૌનો આભાર માન્યો હતો.

## ઘરેલૂ હિંસા ધારાના અમલ અંગે પરિસંવાદ

ગુજરાતના રાજ્ય મહિલા પંચ, 'જેન્ડર રિસોર્સ સેન્ટર' અને 'સૌરાષ્ટ્ર-કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વિમેન' દ્વારા જુન-૨૦૦૬માં અમદાવાદમાં 'ઘરેલૂ હિંસા ધારાનો અમલ-જાગૃતિ, તંત્ર અને સૂચિતાર્થો' વિશે એક રાજ્ય સ્તરીય પરિસંવદા એક દિવસ માટે યોજવામાં આવ્યો હતો. તેનો હેતુ તાજેતરમાં જ ઘડાયેલા આ કાનૂન વિશે સરકારી ખાતાં, નાગરિક સમાજનાં સંગઠનો, વિદ્વદ્જનો અને પત્રકારો જેવા વિવિધ હિતધારકોને માહિતી આપવાનો હતો, કે જેથી તેઓ આ ધારાના અસરકારક અમલ માટે રાજ્ય સ્તરીય વ્યૂહરચનાઓ ઘડવાની પ્રક્રિયાની શરૂઆત કરે.

## પૃષ્ઠ ૧૫નું શેષ

ડેરી વગેરે બનાવવામાં આવશે અને તેમને સક્ષમ બનાવવામાં આવશે. થોડાં વર્ષમાં ઉપરના તમામ કાર્યક્રમોમાં રોકાણ કરવામાં આવશે કે જેમાં ફક્ત અનોખેલાલના કુટુંબને જ ૧ લાખ રૂપિયાનું જેટલું રોકાણ કરવું પડશે.

અહીં આપણે એ પણ યાદ રાખવું જરૂરી છે કે રોજગારી માટેનાં નાણાં એ કંઈ ફક્ત નાણાકીય બાબત જ નથી. પરંતુ જમીન સુધારણા માટે, વૃક્ષો ઉગાડવા માટે, રસ્તા બનાવવા માટે, વોટરશેડ સમિતિ, જંગલ સંરક્ષણ સમિતિ અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓની જરૂર પડે છે. શાકભાજી કે દૂધ જબલપુર કે મંડલામાં વેચવા માટે અનોખેલાલને બીજા ખેડૂતો સાથે ભેગા થવું પડશે. આપણે જાણીએ છીએ કે આ કંઈ આપોઆપ થવાનું નથી પરંતુ બહારથી પ્રોત્સાહન અને શરૂઆતની તાલીમની જરૂર પડશે. અને એક વાર આ થયા પછી તેને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે સતત ટેકા અને સંસ્થાકીય વિકાસની જરૂર પડે છે. અને આ પ્રવૃત્તિમાં નાણાંની જરૂર પડે છે. આ કામ માટે ઉપર જે એક લાખ રૂપિયાના રોકાણની વાત કરી છે તેના આશરે ૨૫ ટકાની જરૂર પડે છે.

થોડાં વર્ષો પછી જ્યારે આ કાર્યક્રમમાં નફો થવા માંડશે ત્યારે અનોખેલાલને વ્યાજ અને મૂડીની રકમના હપતા ભર્યા બાદ વાર્ષિક રૂ. ૨૫,૦૦૦થી રૂ. ૩૦,૦૦૦ની આવક થશે. આમ તે પોતાની વાર્ષિક આવકમાં ૫૦-૬૦ ટકાનો ચોખ્ખો વધારો કરી શકશે, તે પોતાની રોજગારીના પર્યાયો પણ વધારી શકશે, ખેતીમાં થતું નુકસાન પણ ઘટાડી શકશે અને પોતાની પત્ની અને મા માટે પૂરતું કામ ગામમાં જ ઊભું કરશે. આમ તેમને ગામ છોડીને જવું નહી પડે અને ગામમાં આવા રોકાણથી ગામના જમીનવિહોણા લોકોને વધારાના ૬૦થી ૧૨૦ દિવસની મજૂરી મળી રહેશે. જમીન, પાણીનું સંરક્ષણ થશે અને વનરાજી વધશે. અનોખેલાલની મોટી દીકરી આગળ ભણી શકશે અને શિક્ષિકા બની શકશે અને તેની આવકમાંથી અન્ય બાળકો આગળ ભણી શકશે.

## લઘુ ધિરાણથી આજીવિકા ધિરાણ તરફ

આમ ગરીબીમાંથી હંમેશાં માટે બહાર આવવા માટે અનોખેલાલ તથા તેના જેવા દેશનાં ૪ કરોડ કુટુંબોને દરેકને ૧,૦૦,૦૦૦ રૂપિયા જેટલી જરૂર પડે તેમ છે અને તેના ૨૫ ટકા જેટલાની સંસ્થાકીય વિકાસ માટે જરૂર પડશે. આમ કુલ ૫ લાખ કરોડ રૂપિયાની જરૂર પડે. આ એક ખૂબ જ મોટી રકમ હોય તેવું લાગે છે. ભારતના કુલ ઘરેલૂ ઉત્પાદન(જીડીપી)ના ૨૫ ટકા. પરંતુ ભારતની ગરીબી દૂર કરવા તથા માનવ અને કુદરતી સંસાધનોના વિકાસ માટે શું આ રકમ કંઈ મોટી કહી શકાય?

ભારત જો દર વર્ષે ૨.૫ ટકા કુલ ઘરેલૂ ઉત્પાદનનું રોકાણ આ કામ માટે કરે તો દશ વર્ષમાં સમગ્ર દેશની ગરીબી દૂર કરી શકાય. આજે તેની શરૂઆત કરીએ તો ૨૦૧૫ સુધીમાં કામ પૂર્ણ કરી શકીએ. અને જો સુવર્ણ ચોકડીને લગતાં હાઈવેનાં કામો માટે રૂ. એક લાખ કરોડ હોય અને દેશની નદીઓના જોડાણના કાર્યક્રમનો ખર્ચ ૫ લાખ કરોડ રૂપિયા હોય તો રોજગારીનાં નાણાંનો આ કાર્યક્રમ કંઈ ખર્ચાળ ન કહી શકાય.

આમ, એમ ન કહી શકાય કે ફક્ત લઘુ ધિરાણથી જ કંઈ આર્થિક વિકાસ થઈ શકે. હકીકતમાં, તો લઘુ ધિરાણ આર્થિક વિકાસ કરવાનું તો બાજુ પર રહ્યું ગરીબી ઘટાડવા માટે પણ પૂરતું નથી. આર્થિક વિકાસ કરવા માટે આપણને રોજગારીનાં નાણાંની વિચારધારાની જરૂર છે કે જેમાં મોટા પાયે સંસાધનો રોકવાં પડશે.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિતો

આ વર્ષે રાજસ્થાન ભારે દુકાળનો સામનો કરી રહ્યું છે તેથી દલિત સંસાધન કેન્દ્રો સરકારના દુકાળ રાહતના કાર્યક્રમો પર દેખરેખ રાખવામાં વ્યસ્ત છે. દા.ત. તેઓ લાભાર્થીઓની ઓળખ, યોગ્ય વેતનની ચુકવણી, કામના સમયની સ્થિતિ વગેરે બાબતોમાં ગેરરીતિઓ ન થાય તેનું ધ્યાન રાખે છે. દલિત નેતાઓના ક્ષમતાવર્ધન માટે સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને માહિતીના અધિકારની તાલીમ આપવા માટે સિંદરી તાલુકા માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર સ્થળોએ ભેદભાવના ૪ કિસ્સામાં, અત્યાચારોના બે કિસ્સામાં, સ્ત્રીઓ સામેની હિંસાના ૨ કિસ્સામાં અને જમીનોના દબાણોના ત્રણ કિસ્સામાં કાનૂની ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. જમીનોના દબાણના બે કિસ્સામાં ૧૧૭ પરિવારોની આવાસની જમીન પણ સામેલ હતી.

ગ્રામ સ્તરીય સમિતિઓના નિરીક્ષણ હેઠળ સૌથી અસહાય પરિવારોનાં ૧૩ જળ સંગ્રહ સ્થાનોનું સમારકામ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૦૬ દરમ્યાન પાણી અને સફાઈ માટેની ઝુંબેશનું આયોજન ૩ ગામોમાં કરવામાં આવ્યું હતું. તેનો હેતુ સુરક્ષાપ્રદ અને આરોગ્યપ્રદ રીતોને પ્રોત્સાહન આપવાનો હતો. તે માટે ૩૦૦ પરિવારોની સાથે અને તેમનાં બાળકો સાથે કાર્યશાળાઓ યોજાઈ હતી. મુબંઈના 'રેડાર' દ્વારા છ ગામોમાં જળ સુરક્ષા કાર્યક્રમની તકનિકી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. તેમનાં સૂચનોને આધારે ૧૭-૨૩ જુન દરમ્યાન કડિયા, સમુદાયના નેતાઓ અને પ્રયોજકો માટે એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. તેમાં ૪ સંગઠનોના ૩૨ સહભાગીઓએ ભાગ લીધો હતો. પશ્ચિમ રાજસ્થાનમાં બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓની અભિમુખતા કેળવવા માટે જોધપુર ખાતે સુરક્ષિત જળ નીતિ વિશે ૨૨-૪-૨૦૦૬ના રોજ એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૮ બિન-સરકારી સંગઠનોના ૪૨ સહભગીઓએ ભાગ લીધો હતો. બીજી કાર્યશાળા ૧૮-૨૦, મે-૨૦૦૬ દરમ્યાન લઘુ ધિરાણ, ગ્રામીણ આવાસ, વિકાસ સંચાર, સ્થળાંતર અને ગ્રામીણ જીવનનિર્વાહ, શિક્ષણની ગુણવત્તા, ગ્રામીણ વીમો જેવા વિકાસના સમકાલીન પ્રશ્નો વિશે યોજાઈ હતી. તેમાં ૫૮ બિન-સરકારી સંગઠનોના ૬૫ સહભાગીઓએ ભાગ લીધો હતો.

### વિકલાંગતા

અમદાવાદના લો ગાર્ડન અને મણિનગર ગાર્ડનને સૌને માટે પહોંચક્ષમ બનાવવા થયેલા સુધારાની વચગાળાની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. સૌમ્ય બીલ્ડર્સ અને વરિષ્ઠ સ્થપતિ શ્રી કમલ મંગળદાસ સાથે તેમાં જરૂરી ફેરફારો અંગે ચર્ચા કરાઈ હતી. અમદાવાદના વિમાની મથક અને અંધજન મંડળનું પણ પ્રાથમિક પહોંચ સર્વેક્ષણ 'એકસેસ રિસોર્સ ગ્રૂપ'ના ટેકાથી હાથ ધરવામાં આવ્યું હતું. 'સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા)' દ્વારા અમલમાં મુકાયેલા 'એનજીઓઝ લર્નિંગ ફ્રોમ ઈચ અધર' પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરાયું અને તેઓ અહેવાલ સુપરત કરાયો છે. આયોજન પંચના સભ્ય શ્રી યુગાંધરની વિનંતીથી ગુજરાતમાં વિકલાંગતાના પ્રશ્ને પ્રવર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવાને માટે મહત્ત્વના હિતધારકો સાથે એક ચર્ચા ગોઠવવામાં આવી. તેમાં ૧૨ સંગઠનોએ ભાગ લીધો હતો.

### આપત્તિના સામનાની તૈયારી

છેલ્લા ત્રણ માસ દરમ્યાન લાખારા વાંઢમાં ૭૫ ઘરોનું સમારકામ કરાયું છે. બનિયારી ગામનાં છ અને બંધડી ગામનાં બે સ્થળોઓ સામુદાયિક આકસ્મિકતા યોજના પૂરી કરાઈ છે અને પાણી પુરવઠા, ઘરમાં દીવાબત્તી, તળાવો ઊંડાં કરવાં અને સામુદાયિક આવાસનું નિર્માણ વગેરે ક્ષેત્રોમાં કામો કરાયાં. ભરતગૂંથણનું કામ કરનારી સ્ત્રીઓનાં જૂથોને આરોગ્ય અને સામાન્ય વીમા માટે 'વીમો સેવા'નું સભ્યપદ મળે તે માટેના પ્રયાસો શરૂ કરાયા છે. એ ઉપરાંત, નવી ફેશનની વસ્તુઓ વિકસાવવામાં આવી છે.

'ઉન્નતિ'ના વરિષ્ઠ કાર્યક્રમ કર્મચારીઓ માટે પરિણામ-આધારિત સંચાલન વિશે એક કાર્યશાળાનું આયોજન નવી દિલ્લીના 'એસોસીએશન ફોર સ્ટિમ્યુલેટિંગ નો-હાઉ'ના સહયોગથી કરવામાં આવ્યું હતું.

## ૨. નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ

ગુજરાતમાં 'રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન' (એસઆઈઆરડી)ના સહયોગ સાથે સેટકોમ મારફતે પ્રથમ તાલીમ યોજવામાં આવી હતી કે જેમાં

૩૮ કેન્દ્રોમાં ૨૬ જિલ્લાની ગ્રામ પંચાયતોના ૮૮૬ સભ્યોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં ગ્રામ વિકાસ પ્રધાન, ગ્રામ વિકાસ કમિશનર અને સચિવ અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાનના સંયુક્ત નિયામકે પણ લોકો સાથે સંવાદ કર્યો હતો. આ તાલીમમાં સાઈટ અને ઓડિયો સેશન્સ, પુસ્તિકાઓ જેવી શિક્ષણ સામગ્રી અને દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મો વગેરેનો સમાવેશ થતો હતો. સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકા ખેડબ્રહ્મા, ઈડર, હિંમતનગર અને મોડાસામાં એક દિવસના અભિમુખતા કાર્યક્રમો માહિતીના અધિકાર ધારા અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા અંગે યોજવામાં આવ્યા હતા. તેમાં ૨૦ નાગરિક નેતાઓ અને ૮૦ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. 'નાગરિકતા અને શાસન' વિશે ગુજરાતનાં ૧૨ બિન-સરકારી સંગઠનોના ૩૨ સહભાગીઓ માટે ૨૮-૩૦ જુન દરમ્યાન એક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

રાજસ્થાનમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંસાધન જૂથોના સભ્યો એટલે કે નાગરિક નેતાઓ માટે જલ ચેતના યાત્રા કિસાન મહોત્સવ, સાક્ષરતા કાર્યક્રમ અને અકાલ રાહત જેવી સરકારી યોજનાઓની પ્રાપ્યતા વધારવા માટે જોધપુર જિલ્લાના ૫ તાલુકા લુણી, બિલારા, ફલૌદી, મંદોર અને બાપમાં અનેક તાલીમો યોજવામાં આવી હતી. આ તાલીમોમાં ચૂંટાયેલાં ૧૭૬ મહિલા પ્રતિનિધિઓ અને સંસાધન જૂથના ૨૨૭ સભ્યોએ ભાગ લીધો હતો. તેમણે રાજ્ય સરકારની જલ ચેતના યાત્રા અને કિસાન મહોત્સવમાં પણ જાગૃતિ ઝુંબેશમાં સક્રિયા ભાગ લીધો હતો. ૬ તાલુકા પંચાયતોનાં ૩૦ મહિલા સભ્યોને રાજ્યમાં ૪ બિન-સરકારી સંગઠનોની મુલાકાતે મોકલવામાં આવ્યાં હતાં કે જેથી વિકાસના વર્તમાન પ્રશ્નો વિશે, ચૂંટાયેલા પ્રતિનિધિઓના સંગઠન અને સૂક્ષ્મ સ્તરીય યોજનાઓ તૈયાર કરવાની પ્રક્રિયામાં તેઓ સક્રિય બને તે માટે સજાગ થાય. આ ત્રણ માસ દરમ્યાન સાપ્તાહિક રેડિયો કાર્યક્રમમાં આ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું: માહિતી અધિકાર ધારો, જલ ચેતના યાત્રા, કિસાન મહોત્સવ, છોકરીઓની શાળામાં નોંધણી અને ઘરેલૂ હિંસા.

**શહેરી**

'જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન' અંગે, ગુજરાતમાં તેના અમલની સ્થિતિ વિશે અને બિન-સરકારી સંગઠનોની સંભવિત ભૂમિકા વિશે ચર્ચા કરવા એક રાજ્ય સ્તરીય વિમર્શ સભાનું આયોજન કરાયું હતું. ગુજરાત શહેરી વિકાસ મિશન અને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના પ્રતિનિધિઓ સહિત ૪૨ સહભાગીઓએ તેમાં ભાગ લીધો હતો. શહેરી આયોજન અને સંચાલન વિશે ૧૯-૨૦, એપ્રિલ દરમ્યાન ૧૦ નગરપાલિકાઓના સભ્યો માટે એક તાલીમ યોજવામાં આવી હતી. ખેડબ્રહ્મા નગરપાલિકાના ૧૪ સભ્યોને કેરળ  રાજ્ય ગરીબી નિવારણ કાર્યક્રમના કુટુંબશ્રી પ્રોજેક્ટના શૈક્ષણિક પ્રવાસે મોકલવામાં આવ્યા હતા કે જેથી શહેરી ગરીબોની સામેલગીરી વિશેનો દૃષ્ટિકોણ તેમનામાં ઊભો થાય. ખેડબ્રહ્મા અને સાણંદ નગરોમાં નાગરિકોને પાયાની સેવાઓની પ્રાપ્તિ પરની દેખરેખ માટે સક્રિયપણે સામેલ કરવામાં આવ્યા છે. તેમણે પછીથી નગરપાલિકાના પ્રમુખ, મુખ્ય અધિકારી અને પાણી સમિતિના અધ્યક્ષ સાથે ચર્ચા કરીહતી. પાઈપલાઈનો નાખવા અને ટાંકીઓ વિશે ચર્ચા કરી હતી. ઈડર અને મોડાસા નગરો માટેની ઘન કચરા સંચાલન યોજનાઓ સમુદાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વિચાર-વિમર્શ કરીને તૈયાર કરવામાં આવી છે.

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૫૫૬૧૨૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.